રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 233 | Dt. 04-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

કિવના નોર્ધર્ન બ્રિજ પર હુમલા બાદ તણાવ ચરમસીમાએ

કિવ પર મોટા હુમલાની ચેતવણી

રશિયા-યુક્રેન યુદ્ધમાં ભડકો : રશિયાએ વિદેશી રાજદ્વારીઓને તાત્કાલિક શહેર છોડવા ફરમાન કર્યું



નવી દિલ્હી, તા ૩

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ફરી એકવાર તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. રશિયાએ શનિવારે સ્પષ્ટ ચીમકી આપી છે કે તે યુક્રેનની રાજધાની કિવ સહિતના અન્ય શહેરો પર મોટા પાયે જવાબી હુમલા ચાલુ રાખશે. આ ગંભીર પરિસ્થિતિને જોતા રશિયન વિદેશ મંત્રાલયે વિદેશી નાગરિકો અને રાજદ્વારીઓને કિવ છોડવાની કડક ચેતવણી આપી છે. રશિયન વિદેશ મંત્રાલયે યુક્રેન તરફથી રશિયાની નાગરિક વસ્તી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામે કરવામાં આવી રહેલી કાર્યવાહીના જવાબમાં આ આક્રમક વલણ અપનાવ્યું છે અને રશિયન સેના કિવ તથા અન્ય શહેરોમાં લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવી રહી હોવાનું જણાવ્યું છે. બંને દેશો છેલ્લા કેટલાક મહિનાઓથી લાંબા અંતરના હુમલાઓ વધારી રહ્યા છે, જેમાં રશિયા યુક્રેનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર અને યુક્રેન રશિયાની અંદર તેલ અને લશ્કરી માળખા પર ડ્રોન હુમલા કરી રહ્યું છે.

રશિયન વિદેશ મંત્રાલયે ફરી એકવાર સ્પષ્ટતા કરી હતી કે કોઈ પણ વિદેશી રાજદ્વારી મિશન કિવમાંથી સ્થળાંતર કરી રહ્યું હોવાની કોઈ સત્તાવાર માહિતી તેમને મળી નથી, તેથી દૂતાવાસોએ કિવ ખાલી કરી દીધું છે તેમ કહેવું હાલ યોગ્ય નથી.

રશિયાની આ નવી અને ગંભીર ચેતવણી એવા સમયે આવી છે જ્યારે કિવમાં મહત્વના માળખાકીય પ્રોજેક્ટ્સ પર હુમલાઓ તેજ થયા છે. શનિવારે રશિયન હુમલામાં ડિનિપ્રો નદી પર આવેલા કિવના નોર્ધર્ન બ્રિજને ભારે નુકસાન પહોંચ્યું હતું, જેમાં ૨ લોકો ઘાયલ થયા હોવાનું યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું છે. છેલ્લા બે જ દિવસમાં મહત્વના બ્રિજ પર થયેલો આ બીજો મોટો હુમલો છે, જેના કારણે રસ્તા અને ટ્રોલીબસની વીજ લાઈનોને નુકસાન થતા ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ છે. કિવમાં આશરે ૩૦ લાખ લોકો વસવાટ કરે છે અને રશિયાના સતત ડ્રોન અને મિસાઈલ હુમલાઓને કારણે સામાન્ય જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. હુમલાના એલર્ટ વચ્ચે લોકોને વારંવાર સુરક્ષિત સ્થળોએ દોડી જવું પડે છે. આગામી સમયમાં ઠંડીની સિઝન શરૂ થવાની તૈયારી છે ત્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના આ હુમલાઓએ યુક્રેન માટે વીજળી અને ગરમીની વ્યવસ્થાને લઈને ચિંતામાં મોટો વધારો કર્યો છે

વિદેશી નાગરિકો અને રાજદ્વારી મિશનના કર્મચારીઓને યુક્રેનમાં ન રહેવા અથવા ત્યાં મુસાફરી ન કરવાની કડક સલાહ આપી છે. મંત્રાલયે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો લોકો આ સૂચનને અવગણશે અને ત્યારબાદ કોઈ નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી તેમની પોતાની જ રહેશે. અગાઉ પણ રશિયાએ આવી ચેતવણીઓ આપી હતી, પરંતુ તેમ છતાં ઘણા વિદેશી દૂતાવાસો હજુ પણ કિવમાં કાર્યરત છે. જોકે, યુક્રેનના વિદેશ મંત્રાલયે ૨ ઓક્ટોબરે

ભારતની નવી માઇક્રો મિસાઇલ ‘જ્વાલા’નું પરીક્ષણ સફળ

દુશ્મન ડ્રોનનો સેકન્ડોમાં ખાતમો કરી શકવાની ક્ષમતા

નવી દિલ્હી, તા.,૩

ભારતીય ખાનગી સંરક્ષણ કંપની IG ડિફેન્સે ૩ ઓક્ટોબરના રોજ વહેલી સવારે ૪ વાગ્યે ’જ્વાલા’ માઈક્રો-મિસાઈલ કાર્યક્રમ હેઠળ ૨ સોલિડ રોકેટ મોટર્સનું સફળ પરીક્ષણ કર્યું. આ સ્વદેશી પ્રોજેક્ટ દુશ્મનના ડ્રોનને હવામાં જ નષ્ટ કરવા માટે બન્યો છે. સસ્તા ડ્રોન હુમલા સામે ભારતનો આ કિફાયતી વિકલ્પ AI સંચાલિત ’ગ્રીડ’ સિસ્ટમ સાથે કામ કરશે, જે દેશની સુરક્ષાને વધુ મજબૂત બનાવશે.

ભારતીય ખાનગી સંરક્ષણ કંપની આઈજી ડિફેન્સે પોતાના ‘જ્વાલા’ માઈક્રો-મિસાઈલ કાર્યક્રમ હેઠળ બે સોલિડ રોકેટ મોટર્સનું સફળ પરીક્ષણ કર્યું છે. ૩ ઓક્ટોબરે વહેલી સવારે ૪ વાગ્યે કરવામાં આવેલું આ પરીક્ષણ કંપની અને દેશના સંરક્ષણ ક્ષેત્ર માટે એક મોટો માઈલસ્ટોન છે. ‘જ્વાલા’ એ ભારતનો પ્રથમ સ્વદેશી ખાનગી માઈક્રો-મિસાઈલ પ્રોજેક્ટ છે, જે ખાસ કરીને દુશ્મનના ડ્રોનને હવામાં જ નષ્ટ કરવા માટે તૈયાર કરવામાં આવી રહ્યો છે.



AI સંચાલિત ‘ગ્રીડ’ સિસ્ટમ સાથે કરશે કામ

‘જ્વાલા’ માત્ર એક મિસાઈલ નથી, પરંતુ તે આઇજી ડિફેન્સના અંઈ આધારિત બેટલ મેનેજમેન્ટ સિસ્ટમ ‘ગ્રીડ’ સાથે જોડાયેલી છે. આ આખી સિસ્ટમ આકાશમાં ડ્રોનની ઓળખ કરવા, તેને ટ્રેક કરવા અને ખતરાનું આકલન કરી મિસાઈલ દ્વારા તેને તોડી પાડવા સુધીની સમગ્ર પ્રક્રિયા ઓટોમેટિક પાર પાડવામાં સક્ષમ છે. ‘જ્વાલા’ અને ‘ગ્રીડ’ સિસ્ટમના સંયોજનથી ભારતની મોંઘી વિદેશી સુરક્ષા પ્રણાલીઓ પરની નિર્ભરતા ઘટશે અને દેશ ડ્રોન હુમલા સામે વધુ સક્ષમ બનશે.

આજના આધુનિક યુદ્ધમાં ડ્રોન ઝૂંડ મોટો પડકાર બની ગયા છે. સસ્તા ડ્રોનને તોડી પાડવા માટે અત્યંત મોંઘી મિસાઈલોનો ઉપયોગ કરવો આર્થિક રીતે પોસાય તેમ નથી. આ જ જરૂરિયાતને ધ્યાને રાખીને ‘જ્વાલા’ મિસાઈલ બનાવવામાં આવી રહી છે. આ મિસાઈલ અત્યંત સસ્તી હોવાથી તેને ખૂબ મોટા પાયે બનાવીને સરહદો પર તૈનાત કરી શકાશે, જેનાથી ભારતની સુરક્ષા વધુ અભેદ્ય બનશે.

રશિયન સેનામાં સામેલ ૫૫ ભારતીયોને મુક્ત કરવા બંને દેશો વચ્ચે ચર્ચા

તમામને ભારત પાછા લાવવા માટે ભારતની મોસ્કો સાથે સતત વાતચીત

નવી દિલ્હી, તા.૩

શિયન સેનામાં ભરતી કરાયેલા લગભગ ૧૪૦ ભારતીય નાગરિકોને સેવામાંથી મુક્ત કરી દેવામાં આવ્યા છે, જ્યારે સેનામાં હજુ પણ સેવા આપી રહેલા અન્ય ૫૫ ભારતીયો વિશે ભારત સરકાર માહિતી એકત્ર કરી રહી છે. ભારત સરકારે આ તમામ નાગરિકોને વહેલી તકે મુક્ત કરાવી સ્વદેશ પરત લાવવા માટે રશિયન સત્તાવાળાઓ સાથે ઉચ્ચ સ્તરે વાતચીત હાથ ધરી છે. ભારત-રશિયા કન્સલ્ટેટિવ કમિટીની બેઠક બાદ આ મહત્ત્વપૂર્ણ વિગતો સામે આવી છે.

ભારત સરકારે રશિયન સૈન્યમાં ફસાયેલા તમામ ભારતીય નાગરિકોને ઝડપથી મુક્ત કરાવવા માટે રશિયાના ઉચ્ચ અધિકારીઓ સાથે સતત સંપર્ક જાળવી રાખ્યો છે. અત્યાર સુધીમાં આશરે ૧૪૦ જેટલા ભારતીય નાગરિકોને સેનામાંથી મુક્ત કરાવી



લેવામાં આવ્યા છે. હાલમાં ભારતીય પક્ષ રશિયન સેનામાં હોવાની આશંકા ધરાવતા બાકીના ૫૫ ભારતીયો વિશે ચોક્કસ માહિતી મેળવવા માટે રશિયન તંત્ર સાથે સંકલન સાધી રહ્યું છે. આ દરમિયાન ભારતીય તપાસ એજન્સીઓ ગેરકાયદેસર રીતે લોકોને વિદેશ મોકલતા છેતરપિંડી આચરતા એજન્ટો સામે પણ કડક કાનૂની કાર્યવાહી કરી રહી છે.

આ તાજા આંકડા અગાઉ વિદેશ સચિવ વિક્રમ મિસરી દ્વારા આપવામાં આવેલી માહિતીને અનુરૂપ છે. વિદેશ સચિવે અગાઉ જણાવ્યું હતું કે રશિયન સૈન્યમાં સામેલ થયેલા ૨૨૭ ભારતીય નાગરિકોમાંથી ૧૩૯ લોકોને સેવામાંથી મુક્ત કરાયા હતા, જ્યારે કમનસીબે ૫૧ ભારતીય નાગરિકોના મોત થયા હતા. ભારત સરકારે આ ગંભીર મુદ્દાને રશિયા સમક્ષ વિવિધ તબક્કે અને વિવિધ સ્તરે મજબૂતીથી ઉઠાવ્યો છે.

હજુ પણ રશિયન સૈન્યમાં ફરજ બજાવી રહેલા તમામ ભારતીયોને વહેલી તકે મુક્ત કરાવવા અને તેમને સુરક્ષિત રીતે ભારત પાછા લાવવા માટે નવી દિલ્હી મોસ્કો સાથે સતત વાતચીત કરી રહ્યું છે. વિદેશ મંત્રાલય દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી એકપણ ભારતીય નાગરિક ત્યાં જોખમમાં ન રહે.

પેટ્રોલમાં રૂ. ૫ અને ડીઝલમાં રૂ. ૩નો તોતિંગ ભાવવધારો : ખાનગી રિટેલર નાયરા એનર્જીનો મોટો નિર્ણય : આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલે ૧૦૦ની સપાટી વટાવતાં ઇંધણ મોંઘું

પેટ્રોલ-ડીઝલના ભાવ ઉચકાયા

નવી દિલ્હી, તા.૩

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલ (કાચા તેલ)ની કિંમતોમાં જોવા મળી રહેલા સતત ઉછાળાની સીધી અસર હવે સ્થાનિક બજાર પર પડવાની શરૂઆત થઈ ગઈ છે. દેશની સૌથી મોટી ખાનગી ફ્યુઅલ રિટેલ કંપની નાયરા એનર્જી એ તહેવારોની સિઝન નજીક આવી રહી છે ત્યારે જ ગ્રાહકોને મોંઘવારીનો મોટો આંચકો આપ્યો છે. કંપનીએ શનિવાર સવારથી જ પોતાના તમામ આઉટલેટ્સ પર પેટ્રોલની કિંમતમાં પ્રતિ લિટર રૂ. ૫ અને ડીઝલની કિંમતમાં પ્રતિ લિટર રૂ. ૩ નો સીધો વધારો અમલી બનાવી દીધો છે.

પ્રાપ્ત રિપોર્ટ અનુસાર, આ નવો ભાવવધારો શનિવાર સવારથી જ દેશભરમાં આવેલા નાયરા એનર્જીના તમામ ૭,૧૦૮ ફ્યુઅલ સ્ટેશનો પર લાગુ થઈ ગયો છે. અચાનક થયેલા આ મોટા ભાવવધારાને કારણે હાઇવે પરથી પસાર થતા ટ્રક ચાલકો અને ટ્રાન્સપોર્ટરો સહિત સામાન્ય



વાહનચાલકોના ખિસ્સા પર સીધો બોજો પડશે. ખાનગી પંપ પર ડીઝલ મોંઘું થવાથી લોજિસ્ટિક્સ અને માલભાડાના ખર્ચમાં પણ વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે.

વૈશ્વિક બજારમાં ભૌગોલિક અને રાજકીય અસ્થિરતાના કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ભડકો થયો છે. હાલમાં બેરલ દીઠ ક્રૂડ ઓઇલના ભાવ ૧૦૦ ડોલર (૧૦૦) ની ઉપર પહોંચી ગયા છે. સરકારી તેલ કંપનીઓ પોતાના નુકસાન (અંડર-રિકવરી) ને સરકારની મદદથી સરભર કરી શકે છે, પરંતુ ખાનગી કંપનીઓ માટે સતત નુકસાન સહન કરીને ઇંધણ વેચવું આર્થિક રીતે શક્ય હોતું નથી. પોતાની પડતર કિંમત અને વેચાણ કિંમત વચ્ચેનો તફાવત ઘટાડવા માટે નાયરા એનર્જીએ આ કઠોર નિર્ણય લેવો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય બજારની વધઘટ મુજબ નાયરા એનર્જી પોતાના ભાવ એડજસ્ટ કરતી રહે છે. આ પહેલાં ઈરાન અને વેસ્ટ એશિયા (પશ્ચિમ એશિયા) માં ચાલી રહેલા રાજકીય તણાવ અને યુદ્ધની સ્થિતિના કારણે સપ્લાય ચેઈન ખોરવાઈ હતી, જેને પગલે માર્ચ મહિનામાં કંપનીએ ભાવ વધાર્યા હતા. પરંતુ ત્યારબાદ વૈશ્વિક સ્થિતિ થોડી થાળે પડતાં અને ક્રૂડના ભાવમાં નરમાઈ આવતાં ૧ જુલાઈના રોજ કંપનીએ ગ્રાહકોને રાહત આપીને વધારેલો ભાવ પાછો ખેંચી લીધો હતો. જોકે, હવે ફરીથી ક્રૂડ મોંઘું થતાં કંપનીએ ભાવવધારો ઝીંક્યો છે.

ગ્રાહકોને રાહત અને સરકારી કંપનીઓના પંપ પર ભાવ યથાવત

એક તરફ ખાનગી કંપનીએ ભાવ વધાર્યા છે, તો બીજી તરફ સામાન્ય જનતા માટે રાહતના સમાચાર એ છે કે સરકારી તેલ કંપનીઓએ ભાવ સ્થિર રાખ્યા છે. નાયરા એનર્જી દ્વારા કરાયેલો આ ભાવવધારો માત્ર તેના પોતાના પંપ પૂરતો જ સીમિત છે. ભારતના ઇંધણ બજારમાં ૯૦%થી વધુ હિસ્સો અને કંટ્રોલ ધરાવતી સરકારી તેલ કંપનીઓ જેવી કે – ઇન્ડિયન ઓઇલ (ઇંઘઇક), ભારત પેટ્રોલિયમ (ઇઙઈક) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (ઇઙઈક) એ પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ જ ફેરફાર કર્યો નથી. આથી સામાન્ય જનતાને સરકારી પેટ્રોલ પંપો પરથી જૂના અને સસ્તા ભાવે જ ઇંધણ મળવાનું ચાલુ રહેશે.

નવેસરથી બેલેટ પેપર દ્વારા ચૂંટણી કરાવો : ખડગે

દેશમાં થયેલી તમામ ચૂંટણીઓ ગેરકાયદેસર, મોદી સરકાર પણ ગેરકાયદેસર : કોંગ્રેસ અધ્યક્ષના આકરા પ્રહાર

નવી દિલ્હી. તા.૩

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓ તાત્કાલિક ભંગ કરવાની માંગ કરી છે. તેમણે દાવો કર્યો કે, દેશમાં થયેલી તમામ ચૂંટણીઓ ગેરકાયદેસર છે, જેથી મોદી સરકાર પણ ગેરકાયદેસર છે. ખડગેએ ઊટખને બદલે બેલેટ પેપરથી નવેસરથી ચૂંટણી યોજવાની માંગ કરી છે. તેમણે મતદાર યાદી સુધારણામાં ગરબડ અને ચૂંટણી કમિશનરોની નિમણૂકના નવા કાયદા સામે પણ વાંધો ઉઠાવ્યો છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે દેશની લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓ તાત્કાલિક ભંગ કરવાની માંગ કરીને રાજકીય ગરમાવો લાવી દીધો છે. તેમણે દાવો કર્યો કે, દેશમાં થયેલી તમામ ચૂંટણીઓ ગેરકાયદેસર રીતે યોજાઈ છે અને તેના આધારે બનેલી સરકારો તથા મુખ્યમંત્રીઓ પણ ગેરકાયદેસર છે. ખડગેએ માગ કરી છે કે, તમામ ગૃહો ભંગ કરીને નવેસરથી ચૂંટણી યોજવામાં આવે અને તેમાં ઊટખને બદલે બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવે.

પત્રકારો સાથે વાતચીતમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે(Mallikarjun Kharge) એ જણાવ્યું કે, ’આજે આખો દેશ ગેરકાયદે ચૂંટણીઓના આધારે ચાલી રહ્યો છે. મોદી એક ગેરકાયદે વડાપ્રધાન છે, શાહ એક ગેરકાયદે મંત્રી છે અને જ્યાં પણ મુખ્યમંત્રીઓ ચૂંટાયા છે, તે તમામ ગેરકાયદે છે. આ તમામને ભંગ કરી દેવા જોઈએ, નવી ચૂંટણીઓ યોજવી જોઈએ અને ચૂંટણીઓ બેલેટ પેપર દ્વારા કરાવવી જોઈએ.’ તેમણે ચૂંટણી પ્રક્રિયા અને



ઈવીએમના કથિત દુરુપયોગ અંગે પણ આકરા આક્ષેપો કર્યા હતા.

તેમણે ઘણા રાજ્યોમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા(જીંછ) પ્રક્રિયા પર સવાલો ઉઠાવી કહ્યું કે, ’આ પ્રક્રિયામાં ભારે ગરબડો થઈ રહી છે અને સરકારની ભૂલોની સીધી અસર લોકશાહી પર પડી રહી છે. ઈંગઉંઈઅ ગઠબંધનની બેઠકમાં ૨૦ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સહમત થયા હતા કે જીંછ દેશ માટે નુકસાનકારક સાબિત થઈ રહી છે. ગરીબો, શ્રમિકો અને લઘુમતીઓના નામ મતદાર યાદીમાંથી ગાયબ થઈ રહ્યા છે. જો કોઈ બૂથ પરથી ૫૦૦ મતદારોના નામ હટાવી દેવાય તો તેને નિષ્પક્ષ ચૂંટણી કેવી રીતે કહી શકાય?’

દેશના પૂર્વ વડાપ્રધાનો જવાહરલાલ નેહરુ, ઇન્દિરા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી, પી.વી. નરસિમ્હા રાવ અને રાજીવ ગાંધીના ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, ’દેશના જૂના નેતાઓએ ક્યારેય લોકશાહીમાં આવી મનમાની પ્રક્રિયા નથી કરી. હાલ જે રીતે સિસ્ટમનો ઉપયોગ થઈ રહ્યો છે તેનાથી યુવાનો, ગરીબો અને દલિતોને સૌથી વધુ સહન કરવું પડે છે. ધનિક વ્યક્તિ પોતાનું કામ કરાવી લે છે, પરંતુ ગરીબ વ્યક્તિએ મતદાર યાદીમાં નામ સુધારવા વારંવાર સરકારી કચેરીઓના ચક્કર કાપવા પડે છે.’

ચૂંટણી કમિશનરોની નિમણૂકના ૨૦૨૩માં બનેલા નવા કાયદા સામે વાંધો

મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂક અંગે ૨૦૨૩માં બનેલા નવા કાયદા પર પ્રહાર કરતાં તેમણે જણાવ્યું કે, ’પહેલાં ચૂંટણી કમિશનરોની પસંદગી સમિતિમાં દેશના મુખ્ય ન્યાયાધીશ, વિપક્ષના નેતા અને વડાપ્રધાન સામેલ હતા. નવા કાયદામાં મુખ્ય ન્યાયાધીશને હટાવીને તેમની જગ્યાએ કેન્દ્રીય મંત્રીને મૂકી દેવાયા છે. કાયદાની કલમ ૧૬ હેઠળ ચૂંટણી કમિશનરોને કાનૂની કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવી છે, જેના કારણે ચૂંટણી સંસ્થાઓની સ્વાયત્તતા અને જવાબદેહી ખતમ થઈ રહી છે.’

લોકશાહી બચાવવા દેશવ્યાપી આંદોલન

દેશના ભવિષ્ય અંગે ચેતવણી આપતાં તેમણે ઉમેર્યું કે, ’હવે દેશે પોતે નક્કી કરવું પડશે કે લોકશાહી બચાવવી છે કે તેને ખતમ થવા દેવી છે. આ અન્યાય સામે દિલ્હીમાં વિરોધ શરૂ થઈ ગયો છે અને ૬ ઓક્ટોબરે વિપક્ષી સાંસદો ચૂંટણી પંચ સુધી કૂચ કરશે. જનતાને જાગૃત કરવા માટે દર ત્રણ-ચાર દિવસે દેશભરમાં વિરોધ પ્રદર્શનો યોજવામાં આવશે.’

રાજકોટના DGFT અધિકારીના કસ્ટોડિયલ ડેથમાં FIR નોંધો : HC

ત્રણ વર્ષ જૂના ચકચારી કેસમાં મોટો વળાંકઃ સીબીઆઈને અપાયેલી ક્લીન ચિટ સામે હાઈકોર્ટે લાલ આંખ કરી તપાસ CID ક્રાઈમને સોંપી

રાજકોટ, તા.૩

રાજકોટ પોલીસની તપાસમાં ગંભીર ખામીઓ છતી થઈ ગુજરાત હાઈકોર્ટે રાજકોટના જોઈન્ટ ડિરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ જવરીમલ બિશ્નોઈના કસ્ટડીમાં થયેલા શંકાસ્પદ મૃત્યુ કેસમાં અજ્ઞાત વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધવાનો મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. રાજકોટ પોલીસે આ કેસને 'અકસ્માત મૃત્યુ' ગણીને સીબીઆઈને ક્લીન ચિટ આપી દીધી હતી. જસ્ટિસ એમ. કે. ઠક્કરે પોલીસ તપાસની ગંભીર ખામીઓ નોંધીને આ કેસની તપાસ હવે ડીઆઈજી-સીઆઈડી (ક્રાઈમ)ની દેખરેખ હેઠળ કરવાનો અને ત્રણ મહિનામાં હાઈકોર્ટ રજિસ્ટ્રીમાં રિપોર્ટ જમા કરાવવાનો આદેશ કર્યો છે.

૨૪ માર્ચ ૨૦૨૩ના રોજ સીબીઆઈની એન્ટી-કરપ્શન બ્રાન્ચે બિશ્નોઈની ઓફિસમાં ટ્રેપ ગોઠવી હતી અને ત્યારબાદ તેમના ઘરે પણ તપાસ કરી હતી. સીબીઆઈના દાવા મુજબ, બીજા દિવસે ૨૫ માર્ચના રોજ રેડ દરમિયાન બિશ્નોઈએ ચોથા માળેથી કૂદીને આત્મહત્યા કરી હતી. જોકે, મૃતકની વિધવા સુમન બિશ્નોઈએ સીબીઆઈ અધિકારીઓ પર ૧૯ કલાક સુધી ત્રાસ આપવાનો અને હત્યા કરવાનો ગંભીર આરોપ લગાવી એફઆઈઆર નોંધવા માંગ કરી હતી. પરિવારે આત્મહત્યાની થિયરી નકારી કાઢતા દલીલ કરી હતી કે બિશ્નોઈ બારીમાંથી કૂદી શકે તેમ જ નહોતા. અરજદારે પુત્રના મોબાઈલમાં રેકોર્ડ થયેલી સીબીઆઈની ઘર-તપાસ વખતની ધમકીઓની ઓડિયો ક્લિપનો પણ કોર્ટમાં આધાર લીધો હતો.





બંધારણીય અધિકારોના ભંગ સામે હાઈકોર્ટની લાલ આંખ

જસ્ટિસ એમ. કે. ઠક્કરે સ્પષ્ટ કર્યું કે કસ્ટડીમાં મૃત્યુ અને બંધારણીય અધિકારોના ભંગના કેસમાં અદાલતનો અભિગમ અલગ હોવો જોઈએ. ધરપકડના સુરક્ષા નિયમોનું પાલન ન થવું અને સમયસર મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ ન કરવા જેવી બાબતો કોર્ટ સમક્ષ મૂકવામાં આવી હતી. કોર્ટે ચુકાદો આપતા કહ્યું કે જ્યારે આરોપોમાં ગુનો સ્પષ્ટ દેખાતો હોય ત્યારે માત્ર અકસ્માત મૃત્યુની કે ન્યાયિક તપાસ પૂરતી નથી, અને તે પૂર્ણ પોલીસ તપાસનું સ્થાન લઈ શકે નહીં. જો કોઈ અધિકારી કસ્ટડીમાં બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરે, તો અદાલતે એફઆઈઆર નોંધવાનો નિર્દેશ આપવો જરૂરી બની જાય છે.

પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસની થિયરી વચ્ચે વિરોધાભાસ

રાજકોટ પોલીસની તપાસ સામે હાઈકોર્ટે આકરા સવાલો ઉઠાવ્યા છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃતકના શરીર પર ૧૧ જેટલી ગંભીર ઈજાઓ નોંધાઈ હતી, જેને પોલીસે માત્ર બારીમાંથી પડવાથી થયેલી ઈજાઓ માની લીધી હતી. રિપોર્ટ મુજબ મોતનું કારણ માથા અને છાતીની ઈજાથી થયેલો આઘાત અને લોહી વહી જવું હતું, જેમાં ખોપરી અને પાંસળીમાં ફ્રેક્ચરનો પણ સમાવેશ થાય છે. કોર્ટે નોંધ્યું કે આ ઈજાઓ આત્મહત્યાની વાત સાથે મેળ ખાતી નથી. વધુમાં, મૃતકનું પેટ ખાલી મળ્યું હતું જે દર્શાવે છે કે તેમને ૬ કલાકથી ભૂખ્યા રાખવામાં આવ્યા હતા.

હોટેલના ધંધામાં ભાગીદારીની લાલચે ૩.૫૪ લાખનો ધુંબો

દવાખાનાના બહાને પૈસા ખંખેર્યા : પૈસા પરત માંગતા ઘરે આવી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી



રાજકોટ, તા.૩

હોટલના ધંધામાં ૫૦ ટકા ભાગીદારી અને મોટા નફાની લાલચ આપીને પરિચિત યુવાન અને તેના મિત્ર પાસેથી કુલ રૂ. ૩.૫૪ લાખ પડાવી છેતરપિંડી આચરી હોવાની ઘટના જસદણમાં સામે આવી છે. પૈસા પરત માંગતા હોટલ સંચાલકે ઘરે જઈને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભોગ બનનાર યુવાને જસદણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદની વિગત મુજબ, જસદણના ગઢડીયા રોડ પર આવેલી ગાંડીવાડીમાં રહેતા અને ખેતીકામ કરતા ભાવીનભાઈ શાંતીભાઈ છાયાણીની આજથી આશરે એકાદ વર્ષ પહેલાં ચીતલિયા કૂવા રોડ પર આવેલ ''એઇટ-ઇલેવન સાઉથ ઇન્ડિયન ચાઇનીઝ હોટલ''ના માલિક શુભમ ગીરધરભાઈ રાખોલીયા સાથે મુલાકાત થઈ હતી. બે દિવસ બાદ ભાવીનભાઈ ફરીથી હોટલે ગયા ત્યારે શુભમે તેમને જણાવ્યું હતું કે, ''મારે હાલમાં દવાખાનાના કામે પૈસાની જરૂરિયાત છે, તમે મને સગવડ કરી આપો તો હું તમને હોટલમાં ૫૦ ટકા ભાગીદારી આપીશ''. હોટલમાં પોતે ૬.૫૦ લાખનું રોકાણ કર્યું હોવાનું જણાવી શુભમે ભાવીનભાઈ પાસે ૩.૩૦ લાખ રૂપિયા માંગ્યા હતા અને દર મહિને નફાનો હિસાબ કરવાની વાત કરી હતી.

ભાવીનભાઈએ પોતાના મિત્ર ધવલભાઈ દિનેશભાઈ હિરપરાને આ અંગે વાત કરતા બંને મિત્રોએ ભેગા મળીને રૂ. ૩.૩૦ લાખની રકમ શુભમને આપી હતી, જે અંગેનું લખાણ રૂ. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એક મહિનો પૂરો થતા ખર્ચના ભાગરૂપે વધુ રૂ. ૨૪,૦૦૦ પણ આપવામાં આવ્યા હતા. આમ, બંને મિત્રોએ કુલ રૂ. ૩,૫૪,૦૦૦નું રોકાણ કર્યું હતું.

જોકે, ત્યારબાદ હિસાબ માંગવા જતા શુભમ વાયદાઓ કરવા લાગ્યો હતો. કંટાળીને બંને મિત્રોએ પૈસા પરત માંગીને ભાગીદારી રદ કરવાનું કહેતા શરૂઆતમાં શુભમે હોટલ ચલાવવાનું ચાલુ રાખ્યું હતું પરંતુ છ મહિના પછી પૈસા આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ભાવીનભાઈ હોટલે ગયા ત્યારે શુભમે તેમને ગાળો આપી, ''હવે હોટલ ખાતે આવશો તો જીવતા રહેવા દઈશ નહીં'' તેવી ધમકી આપી હતી. આટલું જ નહીં, શુભમે રાત્રે ભાવીનભાઈના ઘરે જઈને પણ ગાળાગાળી કરી, તેમને અને તેમના પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી.

વડીલો મારફતે સમજાવટ કરવા છતાં પૈસા પરત ન મળતા આખરે છેતરપિંડીનો ભોગ બનેલા ભાવીનભાઈ છાયાણીએ તા. ૨ ના રોજ જસદણ પોલીસ સ્ટેશનમાં શુભમ ગીરધરભાઈ રાખોલીયા વિરુદ્ધ છેતરપિંડી અને ધમકી આપવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ પ્રણયકુમાર સાવરીયાએ હાથ ધરી છે.

'આજ તો તમને ત્રણેય બાપ-દીકરાને મારી જ નાંખવા છે, એકેયને જીવતા મુકવા નથી'

જમીનના ડખ્ખામાં કૌટુંબિક ભાઈએ છરી કાઢી બાપ-દીકરાને પતાવી દેવાની ધમકી

રાજકોટના મવડી વિસ્તારના પંચશીલ નગરમાં બનેલો બનાવ : મજૂરીકામ કરતા યુવાનની તાલુકા પોલીસમાંફરિયાદ

રાત્રે ઘર પાસે બેઠા હતા ત્યારે બાઈક પર પત્ની સાથે આવીને ગાળાગાળી કરી હુમલાનો પ્રયાસ કર્યાનો આરોપ

રાજકોટ, તા.૩

મવડી-કણકોટ રોડ પર આવેલા પંચશીલ નગર શેરી નં-૩માં રહેતા અને મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા ૨૬ વર્ષીય પિયુષભાઈ જેન્તીભાઈ સાગઠિયાએ પોતાના જ કૌટુંબિક ભાઈ અનિલ પ્રકાશભાઈ સાગઠિયા વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ધાક-ધમકી અને હુમલાના પ્રયાસની ફરિયાદ નોંધાવી છે. જમીન બાબતે ચાલી રહેલા જૂના વિવાદમાં આ ઘટના બની હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, પિયુષભાઈના પિતા જેન્તીભાઈને બે ભાઈઓ છે - મોટા કાંતિભાઈ અને નાના પ્રકાશભાઈ. પ્રકાશભાઈના બે દીકરાઓમાં અનિલ મોટો અને કરણ નાનો છે. ફરિયાદી પિયુષભાઈનો તેમના કાકાઓ કાંતિભાઈ અને પ્રકાશભાઈ સાથે છેલ્લા ઘણા સમયથી જમીન બાબતે વિવાદ ચાલી રહ્યો છે. તા.૨ ના રોજ રાત્રે નવ વાગ્યા આસપાસ પિયુષભાઈ મજૂરીકામ કરીને ઘરે આવ્યા ત્યારે તેમના પિતાએ તેમને જણાવ્યું હતું કે મોટા કાકા કાંતિભાઈ ઘરે આવ્યા હતા અને ઘર પાસેના પ્લોટમાં કોઈ ગાડી પાર્ક કરી ગયાની બાબતે બોલાચાલી કરી જતા રહ્યા હતા.



ત્યારબાદ રાત્રિના અગિયાર વાગ્યાની આસપાસ પિયુષભાઈ, તેમના માતા હંસાબેન અને તેમના માસી હંસાબેન જાદવ ઘરની બહાર બેઠા હતા. તે સમયે કાકાનો દીકરો અનિલ પોતાની પત્ની સાથે એક્ટીવા પર ત્યાં ધસી આવ્યો હતો. ફરિયાદમાં કરાયેલા આક્ષેપ મુજબ, અનિલે એક્ટીવા પરથી ઉતરતાની સાથે જ બિભત્સ ગાળો બોલવાનું શરૂ કરી દીધું હતું અને ''આજ તો તમને મારી જ નાખવા છે'' તેમ કહીને પોતાની એક્ટીવાની ડેકીમાંથી છરી કાઢીને હુમલો કરવા દોડ્યો હતો. હુમલાના ડરથી ત્રણેય જણા ભાગવા લાગતા અનિલ છરી લઈને પિયુષભાઈની પાછળ દોડ્યો હતો. થોડે દૂર જઈને ઉભો રહી ગયેલ અનિલ મોટેમોટેથી ધમકી આપવા લાગ્યો હતો કે, ''આજ તો તમને ત્રણેય બાપ-દીકરાને છરીના ઘોદા મારી જ દેવા છે, એકેયને જીવતા મુકવા નથી''.

નવરાત્રીમાં ૧૨ વાગ્યા સુધી લાઉડસ્પીકરની છૂટ

મધ્યરાત્રી બાદ સાઉન્ડ સિસ્ટમ સંપૂર્ણ બંધ કરવી પડશે, પરંતુ ઢોલ-નગારાના તાલે પ્રાચીન ગરબા રમી શકાશે

રાજકોટ તા. ૩

ગુજરાતના સૌથી મોટા અને ગૌરવશાળી લોકઉત્સવ એવા નવરાત્રી પર્વ પૂર્વે રાજ્ય સરકારે ખેલૈયાઓ અને ગરબા આયોજકો માટે અત્યંત મહત્વપૂર્ણ અને રાહતભર્યો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે આ વર્ષે નવરાત્રી મહોત્સવ દરમિયાન લાઉડસ્પીકર અને સાઉન્ડ સિસ્ટમ વગાડવાની સમયમર્યાદા લંબાવીને રાત્રે ૧૨ વાગ્યા સુધીની સત્તાવાર છૂટછાટ આપી દીધી છે. સુપ્રીમ કોર્ટ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમો અનુસાર સામાન્ય દિવસોમાં રાત્રે ૧૦:૦૦ વાગ્યા પછી લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ હોય છે, પરંતુ નવરાત્રી એ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ હોવાથી તહેવારના દિવસોમાં વિશેષ જોગવાઈ હેઠળ રાજ્ય સરકારે બે કલાકની વધારાની છૂટ આપી છે.

સરકારના આ નિર્ણયથી પાર્ટી પ્લોટ સંચાલકો, ક્લબો તેમજ શેરી-મહોલ્લાના યુવાનો અને ખેલૈયાઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. સરકારે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરતાં નિયમો પણ નક્કી કર્યા છે કે રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી તમામ પાર્ટી પ્લોટ, ક્લબ, સોસાયટીઓ અને શેરી ગરબામાં માઇક, લાઉડ સ્પીકર અને ડીજે સિસ્ટમનો ઉપયોગ નિર્ધારિત ડેસિબલ મર્યાદામાં કરી શકાશે. આ નિર્ણયનો અમલ કરાવવા માટે ગૃહ વિભાગ દ્વારા તમામ જિલ્લા કલેક્ટરો અને પોલીસ કમિશનરોને પોતપોતાના અધિકારક્ષેત્રમાં તાત્કાલિક અસરથી વિધિવત જાહેરનામું (નોટિફિકેશન) બહાર પાડવા સૂચનાઓ આપી દેવામાં આવી છે.

નિયમો અનુસાર, રાત્રે ૧૨:૦૦ વાગ્યા પછી લાઉડસ્પીકર અને સાઉન્ડ સિસ્ટમ સંપૂર્ણપણે બંધ કરવાના રહેશે. જોકે, પરંપરાગત શેરી ગરબા કે મંડળી ગરબામાં શ્રદ્ધાળુઓ સાઉન્ડ સિસ્ટમ વગર માત્ર દેશી ઢોલ-નગારા અને કરતાલના તાલે મોડી રાત સુધી ગરબે ઘૂમી શકશે. આ સાથે જ હોસ્પિટલો કે સાયલન્ટ ઝોન નજીક અવાજની મર્યાદા જાળવવા અને નિયમભંગ ન થાય તે સુનિશ્ચિત કરવા સ્થાનિક પોલીસ તંત્રને પણ વિશેષ સૂચના અપાઈ છે. ખેલૈયાઓ માટે આવા રાહતના સમાચાર રાજ્ય સરકારે આપતા સૌરાષ્ટ્ર-ગુજરાતમાં સાર્વત્રિક આનંદની લાગણી ફેલાઈ હોવાનું ગરબા આયોજકોમાંથી જાણવા મળે છે.

મહારાષ્ટ્રથી ઘુસાડાતા ૮.૨૬ લાખના ગાંજા સાથે ૩ દબોચાયા

રાજકોટ એસઓજીએ ગોંડલ ચોકડીએ વોચ રાખી કામગીરી કરી : ઇન્સ એન.બી. ચૌધરી, પીએસઆઈ બી.વી. ચુડાસમા અને ટીમનું સફળ ઓપરેશન

રાજકોટ, તા. ૩

શહેરનું યુવાધન નશાના માર્ગે ના ધકેલાય તે માટે ''સે નો ટુ ડ્રગ્સ અભિયાન હેઠળ પોલીસે નશાકારક પદાર્થોની હેરાફેરી કરતી ગેંગ સામે લાલ આંખ કરી છે. સ્પેશયલ ઓપરેશન ગ્રુપ ટીમને મળેલી સચોટ બાતમીના આધારે ગોંડલ ચોકડી પાસે ગોઠવાયેલી ખાસ ટ્રેપ દરમિયાન, મહારાષ્ટ્રથી રાજકોટમાં માદક પદાર્થ ઘુસાડવાનો પ્રયાસ કરતા ત્રણ શખ્સોને ૧૬.૫૮ કિલો ગાંજો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૮.૩૬ લાખના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડી નશાના નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. પ્રાથમિક પૂછપરછમાં ત્રણેય આરોપીઓ મહારાષ્ટ્ર તરફથી ગાંજો લાવ્યાનું રટણ કરી રહ્યા છે.

ઘટનાની વિગત મુજબ નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અને સેવન કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે એસ.ઓ.જી. શાખા દ્વારા વિશિષ્ટ વોચ રાખવામાં આવી રહી છે. આ દરમિયાન ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એ.એસ.આઈ. રવિભાઈ વાંક, એ.એસ.આઈ. ભરતસિંહ પરમાર તથા હેડકોન્સ. સ્નેહભાઈ ભાદરકાને ચોક્કસ બાતમી મળી હતી કે અમુક શંકાસ્પદ શખ્સો થેલાઓમાં ગાંજો લઈને ગોંડલ ચોકડી તરફ આવી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ગોંડલ ચોકડી પાસે કોર્ડન કરી ત્રણ આરોપીઓની અટકાયત કરી હતી.

પોલીસે આરોપીઓની અંગજડતી લેતા તેમની પાસેથી કુલ ૧૬.૫૮૨ કિલોગ્રામ માદક પદાર્થ ગાંજો કિંમત રૂ. ૮,૨૬,૫૦૦ બે મોબાઈલ ફોન



કિંમત રૂ. ૧૦,૦૦૦ તથા ૨ થેલા મળી કુલ રૂ. ૮,૩૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા આરોપીઓમાં વાસુદેવ ભગવાનભાઈ ગીરાસે (ઉં.વ. ૨૬, હાલ રહે. ખોડીયારનગર, ગોંડલ રોડ, રાજકોટ; મૂળ રહે. મહારાષ્ટ્ર), રવિન્દ્ર પરમેશ્વર મહાડીક (ઉં.વ. ૪૦, રહે. જળગાંવ, મહારાષ્ટ્ર) અને અજય સુભાષભાઈ યાદવ (ઉં.વ. ૩૬, રહે. ધુલીયા, મહારાષ્ટ્ર)નો સમાવેશ થાય છે. ત્રણેય વિરુદ્ધ રાજકોટ આઈ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરાઈ છે.

આ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેક્ટર એન.બી. ચૌધરી તથા પીએસઆઈ બી.વી. ચુડાસમાની રહબરીમાં કરવામાં આવી હતી. જેમાં એ.એસ.આઈ. અરુણભાઈ બાંભણીયા, રવિભાઈ વાંક, રાજેશભાઈ બાળા, ભરતસિંહ પરમાર, સિદ્ધરાજસિંહ જાડેજા, પો.હેડ. કોન્સ. સ્નેહભાઈ ભાદરડા, ડ્રાઈવર પો.કોન્સ. નરપતસિંહ જાડેજા, ડ્રા.પો.કોન્સ. નિર્મળસિંહ ઝાલા તથા મહિલા પો.કોન્સ. મોનાબેન બુસા જોડાયા હતા. મુદ્દામાલનું પ્રાથમિક પરીક્ષણ એફ.એસ.એલ. અધિકારી કે.એમ. તાવીયા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્રણેયના રિમાન્ડ દરમિયાન વધુ વિગતો ખુલશે.

મૃતદેહ સોંપણીમાં હવે ‘માનવીય ભૂલ’ નહીં ચાલેઃ નંબર, કોડ અને સ્ક્રીનિંગ SOP અમલી

સિવિલકાંડ બાદ સરકારી તંત્ર એકશન મોડમાં

મોર્ટ્યુઅરીમાં લાગુ થશે વૈજ્ઞાનિક ‘કોડ સિસ્ટમ’ : મૃતદેહ બદલાઈ જવાની શરમજનક ઘોર બેદરકારી સામે આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાની ઓચિંતી મુલાકાત

રાજકોટ, તા. ૩

રાજકોટની પંડિત દીનદયાલ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલમાં મૃતદેહ અદલાબદલી થઈ જવાની શરમજનક અને ગંભીર બેદરકારી સામે આવતા સમગ્ર રાજ્યમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. સરકારી હોસ્પિટલના મોર્ચ્યુઅરી વિભાગની આવી અક્ષમ્ય ભૂલના કારણે મૃતકના પરિજનો અને સામાન્ય જનતામાં ભારે રોષ વ્યાપી ગયો હતો. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ તાત્કાલિક એક્શન મોડમાં આવીને રાજકોટ સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લીધી હતી અને હોસ્પિટલની સમગ્ર વ્યવસ્થા તથા વિવિધ ક્ષેત્રોની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

મંત્રીએ મૃતદેહ સ્વજનોને સોંપવાની પ્રક્રિયામાં થતી માનવીય ભૂલો અને ગોટાળા અટકાવવા માટે અત્યંત કડક વલણ અપનાવ્યું હતું. તેમણે સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે આવતીકાલથી જ મૃતદેહની ઓળખ અને સોંપણી માટે વૈજ્ઞાનિક પદ્ધતિ પર આધારિત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (જઘક) કડક રીતે અમલી બનાવવામાં આવે. આ નવી વ્યવસ્થા હેઠળ હવેથી વિશિષ્ટ નંબર અને કોડ સિસ્ટમ તેમજ ચોક્કસ સ્ક્રીનિંગ અને ક્રોસ-વેરિફિકેશન પછી જ મૃતદેહ વારસદારોને સોંપવામાં આવશે. આ ઉપરાંત, મૃતદેહ સાચવવાની ક્ષમતા અને વ્યવસ્થામાં ઘરમૂળથી સુધારો કરવાના ભાગરૂપે રૂ. ૩.૫ કરોડના ખર્ચે નવીન મોર્ચ્યુઅરી તથા આધુનિક ફ્રીઝરની સુવિધાઓ આગામી ૧૫ થી ૩૦ દિવસના ટૂંકા ગાળામાં જ સંપૂર્ણ રીતે કાર્યરત કરી દેવાની આકરી સૂચના આપવામાં આવી છે.



મુલાકાત દરમિયાન આરોગ્યમંત્રીએ હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતાના મુદ્દે પણ આકરું વલણ દાખવ્યું હતું. સિવિલ કેમ્પસમાં ગંદકી ફેલાવનારા, પાન-માવા ખાઈને પિચકારીઓ મારનારા કે કચરો ફેંકનારા નાગરિકો કે હોસ્પિટલના કર્મચારીઓ સામે સ્થળ પર જ દંડાત્મક કાર્યવાહી કરવા સિક્યોરિટી ટીમને સ્પષ્ટ સત્તા આપી દેવામાં આવી છે. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને હોસ્પિટલમાંથી સંપૂર્ણ, સચોટ અને સન્માનજનક સારવાર મળે અને તેઓ પૂર્ણ સંતોષ સાથે ઘરે પરત ફરે તે જ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સમીક્ષા પ્રવાસ દરમિયાન મંત્રીએ ઇમરજન્સી વોર્ડ, ટ્રોમા કેર સેન્ટર, ઓર્થોપેડિક, મેડિસિન, જનરલ સર્જરી, અદ્યતન એમઆરઆઈ સેન્ટર તેમજ ટીબી અને છાતીના રોગોના વિભાગોની રૂબરૂ મુલાકાત લઈ દર્દીઓને મળતી સુવિધાઓની માહિતી મેળવી હતી. સિવિલ હોસ્પિટલના ડાયાલિસિસ સેન્ટર દ્વારા દર્દીઓને પૂરી પાડવામાં આવતી નિઃસ્વાર્થ સેવાઓની મંત્રીએ ખાસ સરાહના કરી ડાયાલિસિસ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો. કમલસિંહ ડોડીયા, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર. આર. ફુલમાળી, આરોગ્ય અધિકારી પી. કે. સિંઘ અને આરએમઓ ડો. હર્ષદ દૂસરા સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી સમીક્ષા બેઠકમાં ઇમરજન્સી સેવાઓ, સ્ટ્રેચરની ઉપલબ્ધતા, માતૃ-બાળ મૃત્યુદર ઘટાડવાના પ્રયાસો અને હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા સુદૃઢ કરવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

નિયમો નેવે મૂકનારા ૨૪૯ વેપારીઓ સામે દંડાત્મક પગલાં

૧.૪૦ લાખથી વધુનો દંડ વસૂલાયો : ચાર દિવસમાં ૩૯.૬૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત



FILE IMAGE

રાજકોટ, તા. ૩

રાજકોટ શહેરને સ્વચ્છ, સુંદર અને પર્યાવરણપ્રિય બનાવવાના અવિરત પ્રયાસોના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક અને ગંદકી કરતા તત્વો સામે આક્રમક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જાહેર આરોગ્ય તેમજ પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચાડતા સિંગલ-યુઝ પ્લાસ્ટિકના વપરાશ, વેચાણ અને સંગ્રહ સામે તંત્ર દ્વારા ચલાવવામાં આવેલી સ્પેશિયલ ઝુંબેશ અંતર્ગત નિયમો નેવે મૂકનારા ૨૪૯ વેપારીઓ અને નાગરિકો પાસેથી ૧,૪૦,૧૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે, જ્યારે ૩૯.૬૫ કિલોગ્રામ જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી લેવાયો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તા. ૨૯/૦૯/૨૦૨૬ થી તા. ૦૨/૧૦/૨૦૨૬ દરમિયાન શહેરના પૂર્વ, પશ્ચિમ અને સેન્ટ્રલ એમ ત્રણેય ઝોનના મુખ્ય માર્ગો, વ્યાપારી વિસ્તારો અને માર્કેટોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનરશ્રીની સીધી સૂચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ઝોન વાઇઝ નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીઓના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર, સેનિટેશન ઓફિસર, સેનિટેરી ઈન્સ્પેક્ટર અને સબ-ઈન્સ્પેક્ટરોની ટીમોએ સ્થળ પર હાજર રહીને દંડ તેમજ જમીની કાર્યવાહી કરી હતી.

મહાનગરપાલિકા તંત્ર દ્વારા શહેરના તમામ નાગરિકો અને વેપારીઓને કડક સૂચના આપવામાં આવી છે કે તેઓ સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ત્વરિત ધોરણે સંપૂર્ણપણે બંધ કરે. શાકભાજી કે અન્ય ઘરગથ્થુ વસ્તુઓની ખરીદી માટે કાપડની થેલીઓનો જ આગ્રહ રાખવા અપીલ કરવામાં આવી છે. આ સાથે મનપાએ સ્પષ્ટ ચેતવણી પણ આપી છે કે પર્યાવરણને નુકસાન પહોંચાડતા અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે ભવિષ્યમાં પણ આ પ્રકારની કાયદેસરની જપ્તી અને દંડાત્મક કાર્યવાહી વણથંભી ચાલુ રહેશે.

પાવર કટ વગર ‘ડ્રોન’ કરશે ઓવરહેડ વીજલાઇનનું લાઈવ નિરીક્ષણ

રેલવે તંત્રમાં ટેકનોલોજીનો ધમાકો

રાજકોટ, તા. ૩

રાજકોટ ડિવિઝન દ્વારા રેલવે ક્ષેત્રે આધુનિક તકનીકના ઉપયોગ તરફ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાસિલ કરવામાં આવી છે, જે અંતર્ગત હાપાથી કાનાલુસ વચ્ચેના ૩૧ કિલોમીટર લાંબા સેક્શનમાં ડ્રોન આધારિત લાઈવ-લાઈન ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE) નિરીક્ષણ અને સર્વેલન્સ પ્રણાલીનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. ઇલેક્ટ્રિક ટ્રેનોના સુચારુ સંચાલન માટે અત્યંત જરૂરી એવી આ ઘઈઉ પ્રણાલીની સુરક્ષા, વિશ્વસનીયતા અને જાળવણીને વધુ સુદ્રઢ કરવાના હેતુથી આ કામગીરી હાથ ધરાઈ હતી.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા મુજબ, ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ હેઠળ



લેવાયેલા આ નિર્ણયથી ૨૫ સટ અઈ ચાલુ ટ્રેક્શન સિસ્ટમમાં રહેલા ઢીલા સંપર્કો, એલાઈનમેન્ટમાં વિચલન અને સ્પ્લિટ પિન ગાયબ થવા જેવી સૂક્ષ્મ તકનીકી ખામીઓને પ્રાથમિક તબક્કે જ ઓળખી શકાશે. આ સમગ્ર નિરીક્ષણ પ્રક્રિયાની મુખ્ય વિશિષ્ટતા એ રહી છે કે, ઉચ્ચ-રિઝોલ્યુશન ઓપ્ટિકલ કેમેરા ધરાવતા આ ડ્રોન દ્વારા ૩૧ કિમી લાંબા સેક્શનનું નિરીક્ષણ પાવર કે ટ્રાફિક બ્લોક લીધા વિના જ પૂર્ણ કરાયું, જેનાથી ટ્રેનોના સામાન્ય સંચાલનમાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ પડ્યો નથી.

તકનીકી પાસાઓ અંગે માહિતી આપતા વરિષ્ઠ ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ઝઇઉ) વિક્રમ મીણાએ ઉમેર્યું હતું કે આશરે ૧૦ કિમીની ફ્લાઇંગ રેન્જ અને ૫૦ મિનિટના ફ્લાઇટ એન્ડ્યોરન્સ ધરાવતી આ સિસ્ટમ લાઈવ હાઈ-વોલ્ટેજ લાઈનો પાસે કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા જોખમી મેન્યુઅલ નિરીક્ષણને ઘટાડીને સુરક્ષામાં વધારો કરશે. પશ્ચિમ રેલવેની નિવારક જાળવણી (પ્રિવેન્ટિવ મેઇન્ટેનન્સ) પ્રત્યેની આ બદ્ધતાથી ઓવરહેડ ફેલ્યોરની ઘટનાઓ અટકાવી શકાશે અને સમગ્ર સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં રેલ વ્યવહારની સુરક્ષા, સમયપાલન અને કાર્યક્ષમતામાં મોટો સુધારો જોવા મળશે.

સરકારી સુસ્તીની કિંમત પ્રજા કેમ ચૂકવે?

મહેસૂલી કર્મચારીઓ માસ સીએલ અને અચોક્કસ મુદતની હડતાલ પર જવાની ચીમકી : વહીવટી લકવાગ્રસ્તતાનો ભય

રાજકોટ, તા. ૩

દરરોજ હજારો સામાન્ય નાગરિકો સરકારી કચેરીઓના પગથિયાં ઘસે છે, ત્યારે મહેસૂલી કર્મચારીઓ અને રાજ્ય સરકાર વચ્ચે ચાલી રહેલી તાનતાની હવે વહીવટી લકવા તરફ દોરી રહી છે. કર્મચારીઓ પોતાના હક્ક, બઢતી, બદલી, સિનિયોરિટી યાદી અને અસ્પષ્ટ જોબ ચાર્ટમાંથી મુક્તિ માટે અવાજ ઉઠાવી રહ્યા છે, પરંતુ પરિણામ એ આવ્યું છે કે આખા રાજ્યનું વહીવટી માળખું ઠપ્પ થવાના આરે આવીને ઊભું રહી ગયું છે. કલેક્ટર કચેરીઓમાં માત્ર આવેદનપત્રો આપીને વિધિ પૂરી કરી લેવાની પ્રથા અને ત્યારબાદ સરકારી સ્તરે પ્રશ્નોને અધ્ધરતાલ રાખવાની નીતિએ આજે પરિસ્થિતિ વણસાવી દીધી છે. જ્યારે સત્તાધીશો અને કર્મચારીઓ સામસામે આવી જાય છે, ત્યારે વાસ્તવમાં પીસાવાનો વારો તો એ સામાન્ય અરજદારનો જ આવે છે જે પોતાના દસ્તાવેજ, આવકના દાખલા કે સરકારી યોજનાના કામ માટે



અંતરિયાળ ગામડાઓથી ભાડાં ખર્ચીને કચેરીઓએ પહોંચે છે.

ડિજિટલ યુગમાં સરકારી કામગીરીના વોટ્સએપ ગ્રૂપમાંથી લેફ્ટ થઈને નોંધાવવામાં આવેલો વિરોધ અને કાળી પટ્ટી ધારણ કરીને ચાલુ રખાયેલી ફરજ એ બાબતની સ્પષ્ટ છાપ છોડે છે કે કર્મચારીઓમાં અસંતોષ ઊંડો છે. પરંતુ હવે જ્યારે માસ સીએલ અને ત્યારબાદ અચોક્કસ મુદતની હડતાલનું એલાન આપી દેવાયું છે, ત્યારે સવાલ એ ઊભો થાય છે કે આ હોબાળા વચ્ચે પ્રજાના સમય અને નાણાંની બરબાદીનો હિસાબ કોણ આપશે? સરકારે ટેબલ પર બેસીને કલાકોમાં ઉકેલી શકાય તેવા સીધા સેવા વિષયક મુદ્દાઓને આટલી હદ સુધી ખેંચાવા ન દેવા જોઈએ. સમયસર મધ્યસ્થી કરીને વચલો માર્ગ નહીં કાઢવામાં આવે તો આ વહીવટી લકવો માત્ર સરકારી કાગળોને જ નહીં, પરંતુ સમગ્ર જનજીવન અને રાજ્યની દૈનિક કામગીરીને ભારે મોટા ધાબા ભેગી કરી દેશે.

નર્મદા જિલ્લાના સાગબારા ખાતે યોજાયેલા વન અધિકાર સત્યાગ્રહના મંચ પરથી

શંકરસિંહ વાઘેલાના જ્ઞાતિવાદી નિવેદનથી સામાજિક ભડકો

‘સવર્ણો મેલું ઉપાડે તો રૂ. ૫૦ હજાર આપું’; કથિત વિવાદિત ટિપ્પણીનો વીડિયો વાયરલ થતાં સર્જાયો પ્રચંડ રોષ

રાજકોટ, તા. ૩

નર્મદા જિલ્લાના સાગબારા ખાતે યોજાયેલા વન અધિકાર સત્યાગ્રહના મંચ પરથી ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ અનામત અને વર્ણ વ્યવસ્થા મુદ્દે કરેલી અત્યંત આપત્તિજનક અને વિવાદાસ્પદ ટિપ્પણીને પગલે સમગ્ર રાજ્યના સામાજિક અને રાજકીય વાતાવરણમાં મોટો ભડકો થયો છે. સાગબારાના ખોપી ખાતે ૨ ઓક્ટોબરે આયોજિત આ જાહેરસભામાં આદિવાસી સમાજને સંબોધતી વખતે શંકરસિંહ વાઘેલાએ સવર્ણ સમાજોને લક્ષ્ય બનાવીને આકરા શબ્દો ઉચ્ચાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે અનામત એ કોઈ આદિવાસીઓ પર કરાયેલી મહેરબાની નથી. આ સાથે તેમણે ઉમેર્યું હતું કે પટેલ, વાણિયા અને બ્રાહ્મણોને મેલું ઉપાડવાના મહિને ₹૫૦ હજાર હું આપીશ અને જે રીતે આદિવાસી રહે છે તેવી રીતે તમે રહી બતાવો. વાઘેલાના આ બફાટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ પાટીદાર, બ્રાહ્મણ અને વૈષ્ણવ-વાણિયા સમાજમાં પ્રચંડ રોષની લાગણી ફેલાઈ ગઈ છે.

બાપુના આ ઝેર ઓકતા નિવેદન સામે રાજકોટ સહિત સમગ્ર રાજ્યભરમાં વિરોધના ઉગ્ર વંટોળ ઊઠ્યા છે. રાજકોટ ખાતે એકઠા થયેલા બ્રહ્મ સમાજ અને કર્મકાંડી ભૂદેવોએ સખત શબ્દોમાં વિરોધ નોંધાવતા વાઘેલાને સીધી ચેલેન્જ ફેંકી છે કે જો બાપુ પોતે મેલું ઉપાડવાનું કામ શરૂ કરે તો બ્રહ્મ સમાજ તેમને રોજના ₹૧ લાખ આપવા તૈયાર છે. અગ્રણીઓએ આક્ષેપ કર્યો



હતો કે આજના આધુનિક યુગમાં આવી કોઈ વર્ણ વ્યવસ્થા રહી નથી, તેમ છતાં ચૂંટણીઓ નજીક આવતાં જ માત્ર લાઇમલાઇટમાં રહેવા અને સસ્તી નકારાત્મક પબ્લિસિટી મેળવવા માટે વાઘેલા જ્ઞાતિવાદી વિષ ઓકીને વર્ગવિગ્રહ કરાવવાનો હીન પ્રયાસ કરી રહ્યા છે. રાજકોટના બ્રહ્મ અગ્રણી હિરેન જોશીએ આકરા તેવર બતાવતા સ્પષ્ટ કર્યું કે આ નિવેદન પૂર્વ મુખ્યમંત્રીની વિકૃત માનસિકતા છતી કરે છે અને જો તેઓ તાત્કાલિક બિનશરતી જાહેર માફી નહીં માંગે તો બ્રહ્મ, પાટીદાર અને વાણિયા સમાજ સંયુક્ત બેઠક યોજીને રાજ્યવ્યાપી ઉગ્ર આંદોલન છેડશે.

બીજી તરફ, સાગબારાના ખોપી ખાતે જંગલ જમીન અને વન અધિકારના મુદ્દે યોજાયેલી આ સભામાં શંકરસિંહ વાઘેલા કોંગ્રેસના તમામ દિગ્ગજ નેતાઓ સાથે એક જ સ્ટેજ પર જોવા મળ્યા હતા. આ મંચ પર ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતા તુષાર ચૌધરી, ધારાસભ્ય અનંત પટેલ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને મહેશ વસાવા સહિતના અગ્રણીઓ હાજર હતા. લાંબા સમયથી શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં પુનઃ એન્ટ્રી થવાની અટકળો વહેતી થઈ હતી, પરંતુ કોંગ્રેસી નેતાઓની હાજરીમાં જ સવર્ણ સમાજ સામે કરાયેલી આ વિવાદિત ટિપ્પણીથી રાજકીય ક્ષેત્રે મોટો વિવાદ સર્જાયો છે. આ વિવાદિત નિવેદન બાદ હવે તેમની કોંગ્રેસ વાપસીની શક્યતાઓ પર મોટો પૂર્ણવિરામ કે બ્રેક લાગે તેવી પ્રબળ સંભાવનાઓ સેવાઈ રહી છે.

જીમ જેહાદ

સમાજે ચેતવું જરૂરીઃ તંદુરસ્તીના નામે વિકૃતિનું ભયાવહ તાંડવ



સામાજિક સુરક્ષા અને ધર્મ રક્ષણના નામે મોટા દાવા કરનારાઓની વાસ્તવિકતા હવે ખુલ્લી પડી રહી છે. સુરેન્દ્રનગરના 'ક્લબ ૭૧' જીમમાં વિધર્મી સંચાલક અમીન મુલતાની દ્વારા હિન્દુ યુવતીઓને ટાર્ગેટ કરીને તેમની સાથેના સંબંધોના આધારે ફોટો અને વીડિયો બનાવી બ્લેકમેલ કરવાનું ઘૃણાસ્પદ ષડયંત્ર સામે આવ્યું છે, તે અત્યંત ચોંકાવનારું છે. આ કૌભાંડમાં માત્ર એક નહીં પરંતુ વધુ યુવતીઓ સુધી પહોંચવાનું મોટું નેટવર્ક કામ કરી રહ્યું હતું. પોલીસે કાર્યવાહી કરી બે જીમને સીલ કર્યા છે અને ડિજિટલ પુરાવા પણ કબ્જે લીધા છે.

આ સમગ્ર ઘટના સૌરાષ્ટ્રમાં ચાલી રહેલી વિધર્મી શંકાસ્પદ પ્રવૃત્તિઓનું માત્ર એક હિમશિલાની ટોચ સમાન ઉદાહરણ હોય તેમ લાગે છે. દુઃખની વાત એ છે કે દીકરીઓની આબરૂ સાથે ચેડાં કરતી પ્રવૃત્તિઓ સામે આપણું સરકારી તંત્ર અને રાજનીતિ સંપૂર્ણપણે નિષ્ક્રિય બેઠી છે. પ્રશાસનની આ લાપરવાહીના કારણે લુખ્ખા તત્વોના હોંસલા બુલંદ થતા જાય છે.

સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે જ્યારે હિન્દુ સમાજની દીકરીઓ આવા ષડયંત્રનો ભોગ બને છે, ત્યારે ધર્મ અને સંસ્કૃતિના રક્ષણની મોટી મોટી વાતો કરનારા હિન્દુવાદી સંગઠનો ક્યાં ગાયબ થઈ જાય છે? જે સંગઠનો અને નેતાઓ મોટી મોટી સભાઓ ગજવે છે, તેઓ આજે સંપૂર્ણપણે અલોપ થઈ ગયા છે. આ હિન્દુવાદી સંગઠનો અને નેતાઓની સક્રિયતા માત્ર ચૂંટણીના સમયે મત લેવા પૂરતી જ સીમિત રહી ગઈ છે. જ્યારે સમાજ પર સંકટ આવે છે, ત્યારે આ નેતાઓ પોતાના સ્વાર્થમાં મગ્ન થઈને મૂંગા બની જાય છે.

સૌરાષ્ટ્રમાં હિન્દુ સમાજે કોઈના ભરોસે બેસી રહેવાને બદલે ખુદ જાગૃત થવાની અનિવાર્ય જરૂરિયાત ઊભી થઈ છે. જો સમયસર આ વિધર્મી પ્રવૃત્તિઓ સામે કડક પગલાં નહીં લેવાય અને સમાજ જાતે સંગઠિત થઈને વિરોધ નહીં કરે, તો આવનારી પેઢીઓ માટે આ સ્થિતિ ખૂબ જ ભયાનક સાબિત થશે. હવે નેતાઓ અને સંગઠનો પર ભરોસો મૂકવાનો સમય પૂરો થઈ ચૂક્યો છે. હિન્દુ સમાજે પોતાના પરિવારની સુરક્ષા માટે ખુદ કમર કસીને આવા અનિષ્ટ તત્વો સામે કડક સામાજિક બહિષ્કાર અને કાયદાકીય લડત લડવી જ પડશે, નહીં તો વિનાશ નિશ્ચિત છે.

મુખ્ય ચૂંટણી કમિશનરનો વિરોધ કરનાર 3 સામે FIR

દિલ્હી પોલીસે જંતર-મંતર પર પરવાનગી વગર વિરોધ પ્રદર્શન કરવા બદલ અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધ્યો

નવીદિલ્હી, તા. ૩

શુક્રવારે દિલ્હી, મુંબઈ, પટના અને અન્ય શહેરોમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે હિંસક વિરોધ પ્રદર્શનો થયા, જેમાં વિરોધ પક્ષોના નેતાઓ સહિત હજારો લોકોએ ભાગ લીધો. દરમિયાન, અહેવાલો સૂચવે છે કે વિરોધ પ્રદર્શનોના સંદર્ભમાં દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, જંતર-મંતર પર અનધિકૃત વિરોધ પ્રદર્શન કરવા બદલ અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ ત્રણ FIR દાખલ કરવામાં આવી છે. એક FIR કનોટ પ્લેસ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી હતી, જ્યારે બે અન્ય FIR સંસદ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે FIRs માં ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૨૨૩ હેઠળ જાહેર સેવક દ્વારા યોગ્ય રીતે જારી કરાયેલા આદેશનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, FIRs ઈજ્ઈ ની કલમ ૧૬૩ હેઠળ લાદવામાં આવેલા પ્રતિબંધક આદેશોનું ઉલ્લંઘન કરવા બદલ દાખલ કરવામાં આવી હતી. પહેલી FIR IPC ની કલમ ૨૨૩(ફ)/૨૨૧/૧૩૨/૩(૫) હેઠળ નોંધવામાં આવી હોવાનું કહેવાય છે. બીજી FIR ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૨૨૩(ફ)/૨૨૧/૧૩૨/૩(૫) હેઠળ નોંધવામાં આવી હતી, અને ત્રીજી ફોજદારી કાર્યવાહી સંહિતા (CPC) ની કલમ ૨૨૩/૨૨૧/૧૩૨/૩(૫) હેઠળ નોંધવામાં આવી હતી. પોલીસ હાલમાં તપાસ કરી રહી છે.



જોકે FIR માં શંકાસ્પદો/આરોપીઓના કોલમમાં કોઈપણ વ્યક્તિ કે સંગઠનનું નામ નથી, પરંતુ વિરોધ પ્રદર્શનનો પ્રસ્તાવ મૂકનારા અને તેમાં ભાગ લેનારા આયોજકો અને સંગઠનોનો FIR ની સામગ્રીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફોજદારી કાર્યવાહી સંહિતા (CrPC) ની કલમ ૨૨૩ હેઠળ દોષિત ઠરેલા કોઈપણ વ્યક્તિને છ મહિના સુધીની જેલ, ₹૨,૫૦૦ સુધીનો દંડ અથવા બંને થઈ શકે છે. પ્રતિબંધિત આદેશોનું ઉલ્લંઘન કરવા, જાહેર સેવકોને તેમની ફરજો બજાવવામાં અવરોધ કરવા અને ગેરકાયદેસર સભા યોજવા બદલ ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૨૨૩, ૨૨૧, ૧૩૨ અને ૩(૫) હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.

વિદ્યાર્થી સંગઠનો અને રાજકીય પક્ષો દ્વારા CEC જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓ મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા (SIR) માં ગેરરીતિઓ બદલ CEC જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા હતા. જોકે, પોલીસે પ્રદર્શનકારીઓને જંતર-મંતર પહોંચતા અટકાવ્યા અને અનેક રાજકારણીઓ સહિત ૧,૦૦૦ થી વધુ લોકોની અટકાયત કરી. પોલીસે પ્રસ્તાવિત પ્રદર્શન માટે પરવાનગી નકારી કાઢ્યા અને ભારતીય રાષ્ટ્રીય સુરક્ષા સંહિતા (INSSC), ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધક આદેશો લાદ્યા બાદ મધ્ય દિલ્હીમાં કડક સુરક્ષા વચ્ચે વિરોધ પ્રદર્શન યોજાયું. વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય સૌરભ ભારદ્વાજ સહિત અનેક વિપક્ષી નેતાઓની અટકાયત કરવામાં આવી હતી.

કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે કોંગ્રેસ અને ઈન્ડિયા બ્લોકના નેતાઓ ધરપકડનો સામનો કરવા તૈયાર છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે ભારતીય ચૂંટણી પંચ સામાન્ય લોકો પાસેથી મત ચોરી રહ્યું છે. વેણુગોપાલે કહ્યું, ''આ દેશના લોકશાહીને બચાવવા માટે, સામાન્ય માણસના મત બચાવવા માટે છે. પીએમ મોદી અને અમિત શાહ ભારતના ચૂંટણી પંચ દ્વારા સામાન્ય માણસ પાસેથી મત ચોરી રહ્યા છે.'' તેથી, આ કોંગ્રેસ પાર્ટી, ઓલ ઈન્ડિયા એલાયન્સ અને અન્ય તમામ વિપક્ષી પક્ષો માટે કરો યા મરોની લડાઈ છે. અમે આવું થવા દઈશું નહીં.'' દિલ્હી સહિત અનેક શહેરોમાં સીઈસી જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે વિરોધ પ્રદર્શનો યોજાયા હતા. જંતર-મંતર પર અનધિકૃત પ્રદર્શનના સંદર્ભમાં દિલ્હી પોલીસે અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ બીએનએસ એક્ટ હેઠળ ત્રણ એફઆઈઆર નોંધી છે.

એકલા અવાજને દબાવવા નહીં દઈએ

રાહુલ ગાંધીએ 'સત્યાગ્રહ' વેબસાઇટ લોન્ચ કરી

નવીદિલ્હી, તા. ૩

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે ''સત્યાગ્રહ'' નામનું ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કર્યું. તેનો હેતુ વિવિધ મુદ્દાઓ પર દેશભરમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનોની માહિતી એકત્ર કરવાનો છે. આ વેબસાઇટ મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મજયંતિના એક દિવસ પછી લોન્ચ કરવામાં આવી હતી. રાહુલ ગાંધીએ ગાંધીજીના ''સત્યાગ્રહ'' ના વિચારનો ઉલ્લેખ કર્યો, જેનો અર્થ સત્ય માટે શાંતિપૂર્ણ વિરોધ થાય છે. ડ પરની એક પોસ્ટમાં, રાયબરેલીના સાંસદે કહ્યું કે વિરોધીઓ તેમના મુદ્દાઓની જાણ કરી શકે છે, ઇન્ટરેક્ટિવ નકશા દ્વારા દેશભરમાં સમાન આંદોલનો વિશે જાણી શકે છે અને સીધી મદદ માંગી શકે છે. રાહુલ ગાંધીએ કહ્યું, ''દેશભરના લોકો તેમના અધિકારો માટે લડી રહ્યા છે, અને ઘણીવાર તેઓ એકલા જ આવું કરે છે. જનરલ ઝેડ, વિદ્યાર્થીઓ, ખેડૂતો, આદિવાસી, દલિતો, મહિલાઓ, દરેક સંઘર્ષની પોતાની વાર્તા હોય છે. પરંતુ એકલા ઉઠતા અવાજોને ઘણીવાર દબાવી દેવામાં આવે છે. 'સત્યાગ્રહ' એ આ અવાજોને એક નકશા પર એકસાથે લાવવાની પહેલ છે. બાપુએ અમને શીખવ્યું કે સત્ય એ સૌથી મોટું શસ્ત્ર છે.''



રાહુલ ગાંધીએ કહ્યું, ''સત્ય સાથે એકતામાં ઊભા રહેવું એ એક મોટું શસ્ત્ર છે. જો તમે પણ અન્યાય સામે લડી રહ્યા છો, તો તમારી વાર્તા શેર કરો. તેમાં ફક્ત બે મિનિટ લાગશે. બાપુએ આપણને આ શીખવ્યું છે. સત્ય એ સૌથી મોટું શસ્ત્ર છે. પરંતુ તેનાથી પણ મોટું શસ્ત્ર સત્ય સાથે એકતામાં ઊભા રહેવું છે. જો તમે પણ અન્યાય સામે લડી રહ્યા છો, તો તમારી વાર્તા મોકલો. તેમાં બે મિનિટ લાગશે. તમારી વાર્તા નકશા પર મૂકવામાં આવશે. તમે જોશો કે તમારા જેવું બીજું કોણ લડી રહ્યું છે, અને હું જે કરી શકું તે કરીશ - સંસદમાં, શેરીઓમાં, પત્રો લખીને, જ્યાં જરૂર પડશે ત્યાં તમારી સાથે ઊભો રહીને - આ મારી જવાબદારી છે કે હું વિરોધ પક્ષના નેતા તરીકે.'' લિંક શેર કરતા રાહુલે કહ્યું, ''તમારા સત્યાગ્રહની વાર્તા અહીં કહો.'' રાહુલ ગાંધીએ સત્યાગ્રહ નામનું ડિજિટલ પ્લેટફોર્મ શરૂ કર્યું છે. તેનો હેતુ દેશભરમાં ચાલી રહેલા વિવિધ વિરોધ પ્રદર્શનો અને આંદોલનોને એકત્ર કરવાનો છે.

અમિત શાહે કહ્યું ૨૦૨૯ પહેલા નાર્કો-કાર્ટેલનો નાશ કરવામાં આવશે

ડ્રગ સ્મગલર નવપ્રીત સિંહનું તુર્કીથી ભારત પ્રત્યાર્પણ

રાજકોટ, તા. ૩

ભારત સરકારે કથિત ડ્રગ હેરફેરના મુખ્ય આરોપી નવપ્રીત સિંહને તુર્કીથી ભારત પ્રત્યાર્પણ કર્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારે (૩ ઓક્ટોબર) આ જાહેરાત કરી. તેમણે મોદી સરકારની પ્રશંસા કરતા તેને ઐતિહાસિક સિદ્ધિ ગણાવી. શાહે જણાવ્યું હતું કે મોદી સરકાર ડિસેમ્બર ૨૦૨૯ પહેલા દરેક નાર્કો-કાર્ટેલને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે આ સફળતા માટે તમામ એજન્સીઓને અભિનંદન આપ્યા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ''ભારતીય એજન્સીઓએ નકલી ઓળખ અને તુર્કી નાગરિકતા હોવા છતાં નવપ્રીત સિંહને શોધી કાઢ્યો.'' તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં લખ્યું હતું કે, ''મોદી સરકારે કુખ્યાત નાર્કો-ટ્રાફિકિંગ મુખ્ય આરોપી નવપ્રીત સિંહને તુર્કીથી દેશનિકાલ કરીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે.''



શાહે કહ્યું, ''નવાબ વિર્કની નકલી ઓળખનો ઉપયોગ કરીને તુર્કી નાગરિકતા મેળવ્યા પછી, તેણે અફઘાનિસ્તાનથી ભારતમાં હેરોઈન અને મેથામ્ફેટામાઈનની દાણચોરી ચાલુ રાખી. અમારી એજન્સીઓએ તેની સાચી ઓળખ ઉજાગર કરવા અને તેને દેશનિકાલ કરાવવા માટે એક પછી એક બધા રહસ્યો ઉજાગર કર્યા.'' આજે તેને ભારત પાછો લાવવામાં આવ્યો છે અને ડ્રગ હેરફેર અને અન્ય ગુનાઓ માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. આ સફળતા માટે બધી એજન્સીઓને અભિનંદન. તેમણે એમ પણ જણાવ્યું હતું કે મોદી સરકાર ડિસેમ્બર ૨૦૨૯ પહેલા દરેક નાર્કો-કાર્ટેલને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે. નવપ્રીત સિંહને ડ્રગ હેરફેર અને અન્ય કથિત ગુનાઓ સંબંધિત કેસોમાં અટકાયતમાં લેવામાં આવ્યો છે.

નવપ્રીત સિંહ, જેને નવ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભારત, અફઘાનિસ્તાન અને તુર્કી વચ્ચે કાર્યરત એક મોટી આંતરરાષ્ટ્રીય ડ્રગ ગેંગની અગાઉની તપાસમાં બહાર આવ્યો હતો. તપાસકર્તાઓએ આરોપ લગાવ્યો હતો કે તે નેટવર્કનો તુર્કી સ્થિત મુખ્ય સૂત્રધાર હતો, જ્યારે તેનો પિતરાઈ ભાઈ, પ્રભદીપ સિંહ, ભારતમાં એક મુખ્ય ઓપરેટર હતો. ૨૦૨૧ માં દક્ષિણ દિલ્હીમાં રિઝવાન કાશ્મીરીની ધરપકડ સાથે તપાસ શરૂ થઈ હતી. તેની પૂછપરછથી તપાસકર્તાઓને અનેક રાજ્યો અને અફઘાન નાગરિકો સાથે સંકળાયેલા મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં મદદ મળી. ત્યારબાદની તપાસમાં ફરીદાબાદમાં મોટી માત્રામાં હેરોઈન જમ કરવામાં આવ્યો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તપાસકર્તાઓએ એક વાહનમાંથી ૧૬૬ કિલો હેરોઈન અને બીજા વાહનમાંથી ૧૧૫ કિલો હેરોઈન જમ કર્યું.

ગેંગ પરના કડક કાર્યવાહીમાં પ્રભદીપ સિંહનું પ્રત્યાર્પણ પણ શામેલ હતું, જેને તપાસકર્તાઓએ નવપ્રીત સિંહના પિતરાઈ ભાઈ અને ભારતમાં એક મુખ્ય ઓપરેશનલ લિંક તરીકે વર્ણવ્યું હતું. મે મહિનામાં, ભારતીય એજન્સીઓએ બાકુના એક ફ્લેટમાંથી પ્રભદીપને શોધી કાઢ્યા બાદ અઝરબૈજાનથી તેનું પ્રત્યાર્પણ સુરક્ષિત કર્યું. તેની સામે ઇન્ટરપોલ દ્વારા રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી, અને સીબીઆઈ અને દિલ્હી પોલીસની એક ખાસ ટીમ, વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયના સહયોગથી, તેને ભારત પરત લાવી હતી.

ભારતમાં કેટલી જમીન ખેતી માટે અયોગ્ય?

આશરે ૧.૬૬ કરોડ હેક્ટર જમીન ઉજ્જડ અને ખેતી માટે અયોગ્ય : બીજા ૧.૧૬ કરોડ હેક્ટર જમીનને સુધારી શકાય છે અને ખેતીલાયક બનાવી શકાય



રાજકોટ, તા. ૩

જો જમીનનું સ્વાસ્થ્ય બગડે છે, તો તે ફક્ત જમીન કરતાં વધુને અસર કરે છે. તે ખેડૂતોના પાક, ખોરાકની ઉપલબ્ધતા, પાણી, જંગલો, પશુપાલન અને ગ્રામીણ રોજગાર સાથે સીધો જોડાયેલો છે. આ જ કારણ છે કે વિશ્વભરમાં જમીનના ધોવાણની વધતી જતી ઘટનાઓ ચિંતાનો વિષય છે. સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન (FAO) ના ૨૦૨૬ ના અહેવાલ મુજબ, વિશ્વમાં આશરે ૧.૫૬ અબજ હેક્ટર જમીનનું ધોવાણ થયું છે. આ વિશ્વના ભૂમિ સમૂહના આશરે ૧૦ ટકા અને ભારતના કુલ વિસ્તાર કરતા આશરે ૫.૨ ગણો મોટો વિસ્તાર દર્શાવે છે. અહેવાલ મુજબ, વિશ્વમાં ૪૬૦ મિલિયન હેક્ટરથી વધુ જંગલો પણ ખરાબ સ્થિતિમાં છે. ૨૦૨૫ માં, વિશ્વનો કુલ વન વિસ્તાર આશરે ૪.૧૪ અબજ હેક્ટર હતો, જે વિશ્વના ભૂમિ સમૂહના આશરે ૩૨ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. આનો અર્થ એ છે કે જમીન અને જંગલોની સ્થિતિ હવે ફક્ત પર્યાવરણીય મુદ્દો નથી, પરંતુ ખોરાક અને માનવ જીવન સાથે પણ જોડાયેલી છે.

સરકારી જમીન ઉપયોગના ડેટા અનુસાર, ૨૦૨૩-૨૪ માં, ભારતમાં આશરે ૧૬.૬ મિલિયન હેક્ટર જમીન ઉજ્જડ અને ખેતી માટે અયોગ્ય માનવામાં આવી હતી. વધુમાં, આશરે ૧૧.૬ મિલિયન હેક્ટર જમીન સુધારી શકાય છે અને ખેતી માટે યોગ્ય બનાવી શકાય છે. આ બંને શ્રેણીઓને ધ્યાનમાં લેતા, આશરે ૨૮.૨ મિલિયન હેક્ટર જમીનમાં સુધારણા અને વધુ સારા ઉપયોગની સંભાવના છે. જો કે, આનો અર્થ એ નથી કે બધી ૨૮.૨ મિલિયન હેક્ટર જમીન સીધી ખેતીમાં રૂપાંતરિત થઈ શકે છે. જમીનનો ઉપયોગ જમીનની સ્થિતિ, પાણી, માટી, આબોહવા અને સ્થાનિક જરૂરિયાતોના આધારે નક્કી થવો જોઈએ. ''ઉજ્જડ જમીન'' અને ''સુધારણાની જરૂર હોય તેવી જમીન'' વચ્ચેના તફાવતને સમજવા માટે આ તફાવત મહત્વપૂર્ણ છે.

જમીન અને જંગલોના અધોગતિ પાછળ ઘણા કારણો છે. વધતી વસ્તી સાથે, ખેતી અને રહેઠાણ માટે જમીનની માંગ વધી છે. શહેરી વિસ્તાર, રસ્તા અને અન્ય બાંધકામ પ્રોજેક્ટ્સ, વનનાબૂદી અને જમીનના ઉપયોગના ફેરફારો પણ દબાણમાં વધારો કરે છે. વધુમાં, આબોહવા પરિવર્તન દુષ્કાળ, ગરમી અને અન્ય કુદરતી પરિબળો દ્વારા જમીનની સ્થિતિને અસર કરી શકે છે. એશિયાનો લેન્ડસ્કેપ પ્રાદેશિક રીતે પણ નોંધપાત્ર છે. અહીં આશરે ૫૮૩ મિલિયન હેક્ટર જમીનનું ધોવાણ થયું છે, જે એશિયાના કુલ ભૂમિ વિસ્તારના આશરે ૧૯ ટકા છે. આફ્રિકામાં, આશરે ૩૩૪ મિલિયન હેક્ટર, અથવા ૧૨ ટકા, ધોવાણ થયું છે. દક્ષિણ અમેરિકામાં, આશરે ૨૪૫ મિલિયન હેક્ટર, અથવા ૧૪ ટકા, અસરગ્રસ્ત છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે સમસ્યા કોઈ એક દેશ સુધી મર્યાદિત નથી. જ્યારે જમીનના ધોવાણના કારણો અને અસરો વિવિધ પ્રદેશોમાં અલગ અલગ હોઈ શકે છે, ત્યારે કૃષિ, પાણી અને કુદરતી સંસાધનો પર દબાણ લગભગ સાર્વત્રિક રીતે સ્પષ્ટ છે.

જંગલો અને ઘટાડાવાળી જમીનને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે, પરંતુ જરૂરિયાત અને પ્રગતિ વચ્ચે નોંધપાત્ર અંતર છે. માહિતી અનુસાર, ૨૦૩૦ સુધીમાં ૪૬૯ મિલિયન હેક્ટર ઘટાડાવાળી ઇકોસિસ્ટમને અસરકારક રીતે પુનઃસ્થાપિત કરવાની જરૂર છે. ૨૦૨૬ સુધીમાં, ફક્ત ૨૦૬.૫ મિલિયન હેક્ટર જમીન પુનઃસ્થાપન માટે નોંધાઈ હતી, જે લગભગ ૨૬૨.૫ મિલિયન હેક્ટર જમીન બાકી રહી છે. વનનાબૂદીની ગતિમાં પણ વધઘટ થઈ છે. ૧૯૯૦-૨૦૦૦ દરમિયાન, વાર્ષિક સરેરાશ આશરે ૧૦.૭ મિલિયન હેક્ટર જંગલ નાશ પામ્યું હતું. ૨૦૦૦-૨૦૧૫માં, આ ગતિ ૨૦૨૩-૨૪માં ધીમી પડીને વાર્ષિક આશરે ૩.૬૮ મિલિયન હેક્ટર થઈ ગઈ, પરંતુ ૨૦૧૫-૨૦૨૫માં ફરી વધીને વાર્ષિક આશરે ૪.૧૨ મિલિયન હેક્ટર થઈ ગઈ.

શાંત શહેરમાં કોણ ક્યારે કોને મારી નાંખે એ નક્કી નહિઃ જંગલેશ્વરમાં થઇ હત્યા

સામુ જોવા પ્રશ્ને પાઈપ ઝીંકી રિક્ષાચાલકની હત્યા

ત્રણ શખ્સોએ પહેલા રાતે નવ વાગ્યે બોલાચાલી કરી, પછી રાતે એક વાગ્યે પાઇપના ઘા કરી જુનાગઢી તરીકે ઓળખાતા પીરવાડીના પ્રૌઢને પતાવી દીધાઃ ભક્તિનગર પોલીસે કરી કાર્યવાહીઃ આરોપીઓ મુર્ગાગેગના હોવાનો મૃતકના પુત્રનો આક્ષેપ

અમદાવાદ, તા.૩

શાંત શહેર ગણાતાં રાજકોટમાં હવે ગમે ત્યારે ગમે તેની લોથ ગમે તે ઢાળી દે છે. અહિ માણસની જિંદગીની કિંમત સાવ ઝીરો થઇ ગઇ હોય તેમ છાસવારે હત્યાની ઘટનાઓ બનતી રહે છે. વધુ એક નહિ જેવી વાતે હત્યા થઇ છે. પોલીસ તપાસમાં જે કારણ સામે આવ્યું છે તે સામુ જોવા બાબતનું હોવાનું છે. જંગલેશ્વર વિસ્તારમાં રિક્ષાચાલક પોતાની રિક્ષા લઇને બેઠા હતાં ત્યારે રાતે નવેક વાગ્યે સામુ જોવા મામલે ચડભડ થઇ હતી. એ પછી રાતે એક વાગ્યે ત્રણ જણાએ આવી તેના પર લોખંડના પાઇપના આડેધડ ઘા કર્યા હતાં. આ ઘા તેમના માટે જીવલેણ નીવડ્યા હતાં.

હત્યાની આ ઘટના પર નજર કરીએ તો ગોંડલ ચોકડી પીરવાડી પાસે જુના ગણેશનગરમાં રહેતાં રિક્ષાચાલક યુવાનને જંગલેશ્વર મેઇન રોડ પર જંગલેશ્વરના જ ત્રણ શખ્સોએ સામુ જોવા બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખી લોખંડના પાઇપના આડેધડ ઘા ફટકારી મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી ગઇ હતી. મુળ જુનાગઢના આ રિક્ષાચાલક પ્રૌઢ ઇકબાલભાઇ જુનાગઢી તરીકે ઓળખાતા હતાં. હત્યા કરી ભાગી ગયેલા શખ્સો મુરગાગેંગના સાગ્રીતો હોવાનું તેમના દિકરાએ જણાવ્યું હતું. ભક્તિનગર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપીઓને ઝડપી લેવા દોડધામ શરૂ કરી હતી. ક્રાઇમ બ્રાંચ, એલસીબી ઝોન-૧ ટીમ પણ તપાસમાં સામેલ થઇ હતી. વધુ માહિતી અનુસાર પીરવાડી પાસે જુના ગણેશનગર-૩માં રહેતાં રિક્ષાચાલક ઇકબાલભાઇ ઉર્ફે જુનાગઢી ઇબ્રાહીમભાઇ લોધી-પઠાણ નામના છપ્પન વર્ષના



પ્રૌઢ રાતે એકાદ વાગ્યે જંગલેશ્વર મેઇન રોડ પર ખ્વાજા એપાર્ટમેન્ટ નીચે નિસ્બત પાન પાસે હતાં.

ત્યારે તેમના પર દાનીશ સહિતના શખ્સોએ પાઇપથી હુમલો કરી માથા, શરીરે ઘા ફટકારતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં પરિવારજનોમાં માતમ છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ભક્તિનગર પીઆઇ જે. ડી. પરમાર, રાઇટર એએસઆઇ નિલેષભાઇ મકવાણા, ડી. સ્ટાફ ટીમ હોસ્પિટલે અને ઘટના સ્થળે પહોંચ્યા હતાં અને કાર્યવાહી કરી હતી. પોલીસે આ બનાવમાં હત્યાનો ભોગ બનેલા ઇકબાલભાઇના દિકરા સોહિલભાઇ ઇકબાલભાઇ લોધી-પઠાણ (રહે. ન્યુ સાગર સોસાયટી-૪, સંતોષ પાન સામે)ને ફરિયાદ પરથી જંગલેશ્વરમાં જ રહેતાં દાનીશ અમીનભાઇ, સુફીયાન હનીફભાઇ આરબ અને રીયાઝ વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધ્યો છે.

પોલીસ એફઆઇઆરમાં સોહિલભાઇએ જણાવ્યું હતું કે હું મારા પરિવાર સાથે રહું છું અને રીક્ષા ડ્રાઇવિંગ કરુ છું. અમે ચાર ભાઈઓ છીએ એમાં સૌથી મોટો હું છું. હું બે વર્ષ થી ન્યુ સાગર સોસાયટીમાં રહું છું. આ અગાઉ મારા પિતા ઈકબાલભાઈ ઈબ્રાહીમભાઈનું પીરવાડી પાસે



આવેલ જુના ગ ણેશ નગર શેરી નંબર-૩માં આવેલ મકાનમાં ઉપરના માળે રહેતો હતો. મારા ત્રણ નાના ભાઈઓમાં મારાથી નાનો ભાઈ સાહેબ જે સંજયનગરમાં રહે છ, તેનાથી નાનો સમીર છે મારા ઘરમાં ઉપરના માળે રહે છે અને સૌથી નાનો શાહીદ જે પણ સંજયનગરમાં રહે છે મારા પિતા ઇકબાલભાઈનું હુલામણું નામ જૂનાગઢી છે.

તેણે વધુમાં કહ્યું કે અમે મુળ જૂનાગઢના વતની હોવાથી આ નામ પડ્યું હતું. મારા પિતા રીક્ષા ડ્રાઇવિંગ કરે છે અને મારા માતા જીન્નતબેનની તબિયત બરાબર ન હાઇ જેથી તેઓ ના ઝા દાતાર બાપુની જગ્યાએ રહે છે. શુક્રવારે રાત્રિના સમયે હું મારા ઘરે હતો ત્યારે સવા દસ સાડા દસ વાગ્યાના અરસામાં મારા પિતા ઇકબાલભાઈનો મને ફોન આવેલ અને મને વાત કરેલ કે જંગલેશ્વરમાં રહેતાં દાનિશ અમીનભાઈ સાથે મારે ઝઘડો થયેલ છે તું જો તો તપાસ કર તો દાનીશએ કેસ કરેલ છે કે કેમ? તેમ કહીને ફોન કાપી નાંખ્યો હતો. ત્યાર બાદ ફરી મોડી રાત્રિના સવા એક વાગ્યે મારા મિત્ર સોહીલ મહમદભાઈ વીશળના મોબાઈલ ઉપરથીને ફોન આવ્યો હતો.

આ વખતે સોહિલના ફોનમાંથી મારો બીજો મિત્ર સાહિલ ઉર્ફે ગુંદી કરીમભાઈ પરમાર બોલતો હતો અને તેણે મને વાત કરેલ કે તું જલ્દી ખ્વાજા એપાર્ટમેન્ટ પાસે આવ અહીં ખ્વાજા એપાર્ટમેન્ટ નીચે નિસ્બત પાન પાસે આવ તારા પપ્પાને દાનીશ સાથે માથાકૂટ થયેલ છે તારા પપ્પા અહીં બેભાન જેવા થઈને પડેલા છે. આ વાત કરતા હું તુરંત જ મારા ઘરેથી ખ્વાજા એપાર્ટમેન્ટ પાસે નિસ્બત પાને પહોંચેલ. ત્યાં ઘણા બધા માણસો જોવા માટે ભેગા થયેલ હોય અને તેમાં મારો મિત્ર સાહિલ ઉર્ફે ગુંદી તથા અબ્દુલભાઈ પાયક પણ હતા. મારા પિતા કંઈ બોલતા નહોતા. મને સાહિલ ઉર્ફે ગુંદીએ જણાવેલ કે રાત્રિના એકાદ વાગ્યાના અરસામાં તારા પપ્પા ઇકબાલભા ઈ અહીં નિસ્બત પાન ખાતે આવેલ અને અહીં બેઠા હતાં. ત્યારે ત્યાં દાનિશ અમીનભાઈ તથા તેની સાથે સુફિયાન આરબ તથા રિયાઝ પણ હતાં.

આવીને સીધો દાનિશ ગાળો બોલવા લાગેલ અને તેના હાથમાં લોખંડનો પાઈપ હતો. તે પાઇપ થી સીધો જ એક ઘા છાતીમાં ડાબી બાજુ મારી દીધેલ અને દાનિશના હાથમાંથી તે રિયાઝ અને ત્યારબાદ સુફિયાને વારાફરતી પાઇપના ઘા તારા પપ્પાને શરીરે ખંભાના ભાગે માર મારતા તારા પિતા ત્યાં પડી ગયેલ હતા. ત્યારબાદ આ ત્રણેય તારા પપ્પાને પગેથી પાટા તથા ઢીકા મારવા લાગેલ હતા અને તારા પપ્પા બેભાન જેવા થઈ ગયા હતા. કાંઈ બોલતા ન હતા. આ વાત મને મારા મિત્ર સાહિલ ઉર્ફે ગુંદીએ કરેલ હતી. ત્યાર બાદ નિસ્બત પાન પાસેથી મારા પિતાને હું તથા સાહિલ ઉર્ફે ગુંદી તથા અબ્દુલભાઈ એમ બધા રીક્ષામાં નાખીને ઢેબર રોડ ઉપર આવેલ મધુરમ હોસ્પિટલ લઈ ગયેલ હતાં.

યાં ડોક્ટરે ચેક કરતા મારા પિતાને ધડકન ચાલતી નથી સિવિલ હોસ્પિટલે ઇમરજન્સી વોર્ડમાં લઈ જવાનું કહેતા હું મારા પિતાને સિવિલ ખાતે ઇમર્જન્સી વોર્ડમાં લાવતાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતાં. રાતે નવેક વાગ્યે મારા પિતા અને દાનીશ વચ્ચે સામુ જોવા બાબતે બોલાચાલી થઇ હતી. તેનો ખાર રાખી બાદમાં રાતે એકાદ વાગ્યે દાનીશ સહિતના ત્રણેયએ મારા પિતાને પાઇપના ઘા ફટકારી આડેધડ માર મારી તેની હત્યા કરી નાંખી હતી. તેમ વધુમાં સોહિલભાઇએ જણાવતાં પોલીસ ઇન્સપેકટર જે. ડી. પરમાર, એએસઆઇ નિલેષભાઇ મકવાણાએ ગુનો દાખલ કર્યો હતો. હત્યાનો ભોગ બનનાર ઇકબાઇલભાઇ ઉર્ફે જુનાગઢી બે ભાઇ અને પાંચ બહેનમાં બીજા હતાં. બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો છે. મૃતકના દિકરાએ આક્ષેપ કર્યો હતો કે આરોપીઓ મુરગાગેંગના સાગ્રીતો છે અને એકાદ મહિના પહેલા જામીન પર છુટ્યા છે. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી.

તમારે આ રોજનું થ્યું ના પાડી તો'ય સમજતા જ નથી..!

ઘર સામે જ બૂટ ચપ્પલ રાખવા પ્રશ્ને પાડોશી બાખડ્યા

કાલાવડ રોડ પર રહેતાં મહિલાની ફરિયાદ પરથી તેના પડોમાં રહેતી મહિલા અને તેની દિકરી વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા. ૩

પાડોશી પહેલો સગો ગણાય, પણ ઘણા પાડોશી એવા હોય છે જે બીજા પાડોશીનું રહેવું મુશ્કેલ કરી દેતાં હોય છે. ઘણા પાડોશી મારકણા, ઝઘડાખોર પણ હોય છે. આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં કાલાવડ રોડ પર આદિત્ય હાઉસીંગ ક્વાર્ટરમાં રહેતાં અને મંડપ સર્વિસમાં નોકરી કરતાં મહિલાને પાડોશમાં રહેતાં મા-દિકરીએ મળીને જેમફાવે તેમ બોલી મારકુટ કરી હાથના આંગળા મચકોડી કડાકા બોલાવી દેતાં હાથના આંગળામાં ફ્રેકચર થઇ જતા સળીયા નાંખી ઓપરેશન કરાવવાની નોબત આવી હતી.

વિગતો પર નજર કરીએ તો મહિલાએ પોતાના ઘરના દરવાજા સામે જ બૂટ ચપ્પલ રાખી દેતાં પાડોશી મહિલાને આ બાબતે ટપારતાં તેણીએ પોતાની દિકરી સાથે મળી ઝઘડો કરી ડાબો હાથ પકડી આંગળીઓ મચકોડી કડાકો બોલાવી દઇ ફ્રેકચર કરી નાંખતા ઓપરેશન કરાવવું પડ્યું હતું. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે કાલાવડ રોડ આદિત્ય-૭૯ હાઉસીંગ ક્વાર્ટર એ-૮૦૩માં રહેતાં અને વિનાયક મંડપ સર્વિસમાં નોકરી કરતાં પરવીનબેન સિકંદરભાઇ ખલીફા નામના ચુમાલીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી મંજુબેન અને તેની દિકરી લકીસિંગ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો.

વધુ માહિતી અનુસાર પરવીનબેન પતિ, પુત્ર સાથે રહે છે. તેણે જણાવ્યું હતું કે ગત એકવીસમી તારીખના રાતે દસેક વાગ્યે હું ઘરે હતી ત્યારે મારા પતિ અને પુત્ર કામ પર હતાં. મેં ઘરની બહાર જોતાં મારા મુખ્ય દરવાજાની બહાર લોબીમાં પાડોશી મંજુબેનના પરિવારન બૂટ ચપ્પલ પડ્યા હોઇ જેથી મેં તેને જાણ કરી હતી કે તમે કાયમ અહિ બૂટ ચપ્પલ રાખો છો, તમીર જગ્યાએ કેમ નથી રાખતા. આ સાંભળી તે ઉશ્કેરાઇ ગયા હતાં અને ઝપાઝપી કરી જેમ ફાવે તેમ બોલવા માંડ્યા હતાં. આ વખતે મંજુબેનની દિકરી લકીસિંગ આવી ગઇ હતી અને તે પણ ઝઘડો કરવા માંડી હતી. બાદમાં લકીસિંગે મને પાછળથી પકડી રાખી હતી અને મંજુબેને ડાબો હાથ પકડી આંગળીઓ મકચોડી નાંખતા કડાકો બોલી ગયો હતો.

દેકારો થતાં આડોશી પાડોશી ભેગા થઇ જતાં સોસાયટીના પ્રમુખ મહિપતભાઇને જાણ કરતાં તે પણ આવી ગયા હતાં. બાદમાં મેં પતિને ફોન કરતાં તે મને હોસ્પિટલે લઇ ગયા હતાં. તબિબે તપાસ નિદાન કરતાં આંગળીઓમાં ફ્રેધ્ચર થયાનું આવ્યું હતું. જેના કારણે સળીયા નાંખી ઓપરશેન કરવાનું ડોક્ટરે કરતાં મને સારવાર માટે દાખલ કરી ઓપરેશન કરાયું હતું. ચાર દિવસની સારવાર બાદ રજા અપાઇ હતી. મને એમ હતું કે મંજુબેન પાડોશી છે જેથી માફી માંગી લેશે તો ફરિયાદ નહિ કરું. પણ તેણે ખબર પણ નહિ પુછતાં અને માફી પણ નહિ માંગતાં અંતે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં પરવીનબેને કહેતાં પીઆઇ કે. કે. ગોહિલની રાહબરીમાં હેડકોનસ. પી.એન. ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



પાડોશીએ હદ વટાવીઃ નાનકડા છોકરાની સાઇકલથી કારમાં લિસોટો પડ્યો એમાં પિત્તો ગુમાવ્યો

સામાન્ય બાબતે ગૃહિણીના વાળ ખેંચી માર્યા લાફા!

વાવડીની મનસુખભાઇ છાપીયા ટાઉનશીપનો બનાવઃ તાલુકા પોલીસે કારમા લિક, તેની પત્નિ, મિત્રો સામે દાખલ કરી એફઆઇઆર

ઢાંઢણી ગામે જમીન ફરતે દિવાલ પાડી નાંખવાની ધમકી દઇ સાચ્ચે જ પાડી નાંખીઃ ચાર જણા સામે આજીડેમ પોલીસની કાર્યવાહી

રાજકોટ, તા.૩

માથાકુટની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. આ વચ્ચે એક ટાઉનશીપમાં એક ગૃહિણી પર પાડોશી શખ્સે બીજા બે મિત્રોનો સાથ લઇ હુમલો કર્યો હતો. તેણીને લાફા મારી વાળ ખેંચી પાછળના ભાગે લાત ફટકારાઇ હતી. તેણીના નાનડકા દિકરાની સાઇકલ પાર્ક કરાયેલી કારને અડી ગઇ હોઇ કારના માલિકે પચાસ હજારનો ખર્ચો માંગી આ ધમાલ મચાવી હતી. તેમજ મારી નાંખવાની અને ટાઉનશીપમાં રહેવા નહિ દેવાની ધમકી દીધી હતી. બીજી ઘટનામાં જમીન ફરતે કરેલી દિવાલ તોડી નાંખી ધમકી અપાઇ હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શહેરના વાવડી વિસ્તારમાં આવેલી મનસુખભાઈ છાપીયા ટાઉનશીપમાં બાળકો વચ્ચે સાયકલ અથડાવા જેવી નજીવી બાબતે મોટેરાઓ વચ્ચે મોટો ઝઘડો થઇ ગયો હતો. પાર્ક કરાયેલી કાર સાથે સાયકલ અથડાઈ જતાં ઉશ્કેરાયેલા પાડોશી અને તેના મિત્રોએ એક ગૃહિણી પર હુમલો કરી, ગાળો ભાંડી માર મારી ધમકી દીધી હતી. આ કિસ્સામાં તાલુકા પોલીસે વાવડી ખાતે મનસુખભાઈ છાપીયા ટાઉનશીપ વિંગ નં. એલ-૧ બ્લોક નં. ૧૦૨માં રહેતા પ્રજાવતીબેન રાજેશભાઈ ઈગોલે-મરાઠા નામના ચાલીસ વર્ષના પરિણીતાની ફરિયાદ પરથી મિલન, તેના પત્નિ હીનાબેન, રમાબેન અને બે અજાણયા સામે ગુનો નોંધ્યો હતો.

ફરિયાદમાં પ્રજાવતિબેને જણાવ્યું હતું કે સત્યાવીસમીના બપોરે તેમનો બાર વર્ષનો દીકરો કાવ્ય વિંગની નીચે સાયકલ ચલાવીને ઘરે પરત આવ્યો હતો. ત્યારબાદ બપોરે પોણા બે વાગ્યાની આસપાસ સામેની વિંગમાં રહેતો મિલન અને તેના બે મિત્રો સહિતના પ્રજાવતીબેનના ઘરે આવ્યા હતા. મિલને કહ્યું હતું કે કાવ્યની સાયકલ તેની પાર્ક કરાયેલી કાર સાથે અથડાઇ ગઇ છે અને નુકસાન થયું છે, હવે તમાં પચાસ હજારનો ખર્ચો આવશે. પ્રજાવતીબેન અને તેમનો પુત્ર નુકસાન જોવા નીચે ગયા ત્યારે કારના પાછળના બમ્પર પર માત્ર એક સામાન્ય લીસોટો જોવા મળ્યો હતો.

આ વખતે પણ મિલન રાડો પાડતો હતો. પ્રજાવતીબેને મિલનને રાડારાડી ન કરવા જણાવતા મિલન ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. આ પછી તેણે પ્રજાવતિબેનનેબે ફડામાર મારી દીધા હતાં અને તેના બે મિત્રોએ પાછળથી પ્રજાવતીબેનના વાળ ખેંચ્યા હતાં અને મિલન



પાછળના ભાગે લાત મારી હતી અનેકારનો ખર્ચ નહીં આપો તો જાનથી મારી નાખીશ. તેવી ધમકી આપી હતી. આ પછી પ્રજાવતીબેન પોતાના પુત્રને લઈને ઘરે પહોંચ્યા ત્યારે મિલનના મમ્મી રમાબેન બ્લોક નીચે આવીને ગાળો આપવા લાગ્યા હતા.

તેણી નીચે જતાં મિલન, તેની પત્નિ હીનાએ ફરીથી ઝઘડો કરી સામો આરોપ મુકી તે કેમ મિલનને માર્યુ? તેમ કહી ગાળો દીધી હતી. આથી લોકો ભેગા થઇ જતાં બધાને છુટા પાડ્યા હતાં. પ્રજાવતીબેને કારખાનામાં કામ કરતા પોતાના પતિ રાજેશભાઈને ફોન કરતા તેઓ ઘરે આવ્યા હતા. ત્યારબાદ પણ મિલન સહિતે વે અહીં રહેવા નહીં દઉં તેવી ધમકીઓ આપી હતી. અગાઉ તેણીએ લેખીત અરજી આપ્યા બાદ હવે ફરિયાદ કરી હતી. તાલુકા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા કિસ્સામાં ત્રંબા નજીક ઢાંઢણી ગામે તેમના કુવાએ ખરીદેલી જમીન ફરતે દિવાલ બનાવવા મામલે ઢાંઢણી ગામના ચાર જણાએ અહિ ચાલવાનો રસ્તો છે, દિવાલ કરી શકો નહિ તેમ કહી બોલાચાલી કરી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસને જાણ કરતાં ઘરમેળે સમાધાન થઇ ગયુ હતું. પરંતુ આ પછી આ લોકોએ અત્યારે ભલે દિવાલ બનાવતાં પછી પાડી દેશું તેમ કહ્યા બાદ ખરેખર દિવાલ પાડી નાંખતા ફરિયાદ થઇ હતી. આજીડેમ પોલીસે રાજકોટ નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર સ્કાય ડાયમંડ બિલ્ડીંગની સામે ઓપેરા હાઇટ્સ ફ્લેટ નં. ૪૦૩માં રહેતાં વિજયભાઇ હીરાભાઇ કંટેસરીયા નામના ત્રેપન વર્ષના પ્રૌઢની ફરિયાદ પરથી રાજકોટના ત્રંબા નજીકના ઢાંઢણી ગામે રહેતાં વિજય પોપટભાઇ કડવાણી, રાજુ બીજલભાઇ કડવાણી, મુન્નો લવાભાઇ કડવાણી અને મનસુખ પોપટભાઇ કડવાણી સામે ગુનો નોંધ્યો હતો. વિજયભાઇ વડાલીયા ફુડમાં નોકરી કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યા મુજબ કૌટુંબિક ફુવા નવનીતભાઈ ગોકળભાઈ વડાલીયાએ આશરે ત્રણ મહિના પહેલા ઢાંઢણી ગામ ખાતે જમીન ખરીદી હતી.

પહેલી તારીખના રોજ સવારના આશરે દસેક વાગ્યે તેઓ જમીનની ફરતે દિવાલ બનાવવાનું કામ કરી રહ્યા હતાં. ત્યારે વિજયભાઈ કડવાણી, રાજુભાઈ કડવાણી, મુન્નો કડવાણી અને મનસુખ કડવાણી નામના ચાર શખ્સોએ આવીને અહીંથી ચાલવાનો રસ્તો છે, તમે દીવાલ બનાવી શકશો નહિ તેમ કહી બોલાચાલી અને ઝઘડો કર્યો હતો. તે સમયે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કર્યા બાદ ઘરમેળે સમાધાન થતાં દિવાલનું ચણતર કામ આગળ ધપાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ આરોપીઓએ અત્યારે ભલે દિવાલ બનાવી લેતા, પછી પાડી નાંખશું તેવી વાતો કરી હતી. ફરિયાદી વિજયભાઈ જ્યારે જમીન જોવા માટે ગયા ત્યારે જમીન ફરતે બનાવેલી દિવાલમાંથી આશરે ૨૦ ફુટ જેટલી દિવાલ તોડી પાડેલી જોવા મળી હતી. આ ચારેય શખ્સોએ ભેગા મળી દીવાલ તોડી પાડી આશરે ૨૦,૦૦૦થી ૨૫,૦૦૦નુ નુકસાન થયાનું જણાયું હતું. આથી પોલીસને જાણ કરી હતી. પીઆઇ એચ. અને. પટેલની રાહબરીમાં હેડકોન્સ. એએચ. ગોહિલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આમ નહિ જેવી વાતે વધુ બે ડખ્ખા થયા હતાં.

ઓચીંતી વસમી વિદાય : પાંચ પરિવારોએ પોતાના સ્વજનો કાયમને માટે ગુમાવી દીધા

પાર્સલ લઈ ઘરે જતાં યુવાનને કાળ ભેટ્યો

આરવન બાઈક સ્લીપ થઈ ગયું: બીજી ઘટનામાં મહિલાનો એસિડ પી આપઘાત: એક વૃધ્ધા ઘરમાં પડી જતાં એક યુવાન બેભાન થઈ જતાં મૃત્યુ: પાંચમી ઘટનામાં કપડા ધોતી વખતે તળાવમાં પટકાતાં મહિલાનો જીવ ગયો

રાજકોટ, તા. ૩

અલગ અલગ બનાવોમાં અપમૃત્યુને કારણે અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં. આવી વધુ પાંચ ઘટના સામે આવી હતી. જેમાં એક યુવાન પોતે ઓનલાઈન મંગાવેલા પેન્ટનું પાર્સલ હસ્તગત કરી આરવન બાઈક હંકારી ઘરે જતો હતો ત્યારે રસ્તામાં બાઈક સ્લીપ થતાં તેની જિંદગી ખતમ થઈ ગઈ હતી. બીજી ઘટનામાં એક મહિલાએ એસિડ પી જીવ દીધો હતો. એક વૃધ્ધા ઘરમાં ચાલતાં ચાલતાં પડી જતાં મૃત્યુ થયું હતું. ચોથા બનાવમાં એક યુવાન ઘરે બેભાન થઇ જતાં જીવ ગયો હતો. પાંચમા બનાવમાં કપડા ધોતી વખતે તળાવમાં પડી જતાં મહિલાનું મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો જેતપુર વિરપુર વચ્ચે કાગવડના પાટીયા પાસે આર-વન બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઈજા થવાથી બાઇક ચાલક વિરપુરના ૨૮ વર્ષના યુવાનનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ થયું છે. યુવાન પોતે ઓનલાઈન પાર્સલ મંગાવ્યું હોઇ તે જેતપુરથી લઇને પરત ઘરે આવી રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. વિરપુરના ભુલેશ્વરનગરમાં રહેતો અઠ્ઠાવીસ વર્ષનો રોહિતભાઇ ધીરૂભાઇ જમોડ-કોળી (ઉ.વ.૨૮) નામનો યુવાન ગઇકાલે કાગવડના પાટીયા પાસે આર-વન બાઇક હંકારીને જેતપુરથી વિરપુર તરફ આવતો હતો ત્યારે કાબુ ગુમાવતાં બાઇક સ્લીપ થઇ જતાં તેને ગંભીર ઈજા થઇ હતી.

આ પછી તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ રાત્રીના મૃત્યુ થયું હતું. આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં વિરપુર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રોહિતભાઇ બે ભાઇમાં નાનો હતો અને અપરિણીત હતો. તે છુટક ડ્રાઇવીંગ તેમજ અન્ય મજૂરી કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. તેના પિતા ધીરૂભાઇ છત ભરાઈની મજૂરી કરે છે. સગાના કહેવા મુજબ રોહિતભાઇએ ઓનલાઇન પેન્ટ ખરીદ કર્યુ હતું.



આ પાર્સલ જેતપુર ખાતે આવ્યું હોઇ પોતે ત્યાંથી પાર્સલ કલેક્ટ કરીને પરત વિરપુર આવી રહ્યો હતો ત્યારે કાગવડના પાટીયે આર-વન બાઇક સ્લીપ થતાં પોતે રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઈજા થવાથી મૃત્યુ થયું હતું. યુવાન દિકરાના મોતથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે.

બીજી ઘટના જોઇએ તો એક મહિલાએ એસિડ પી આપઘાત કર્યો હતો. જુનાગઢમાં બીલખા રોડ પર રાયજીનગરમાં રહેતાં દયાબેન મનોજભાઇ જાદવ નામના સાડત્રીસ વર્ષના મહિલાએ એસિડ પી આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. દયાબેને પહેલી તારીખના સવારે ઘરે એસિડ પી લેતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ રાત્રીના સારવાર દરમિયાન મૃત્યુ



થતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા દયાબેનને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. આપઘાતનું કારણ પરિવારજનો જાણતાં ન હોઇ જુનાગઢ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

ત્રીજી ઘટના જોઇએ તો કુવાડવા ગામ દલિતવાસમાં રહેતાં પાંસઠ વર્ષના ચંપાબેન લક્ષ્મણભાઇ ગોહેલ નામના વૃધ્ધા સાંજે સાડા આઠેક વાગ્યે ઘરમાં ચાલતી વખતે ચક્કર આવતાં પડી જતાં બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર ચંપાબેનના પતિ હયાત નથી, પુત્ર પણ અવસાન પામ્યા છે. પોતે પૌત્ર સાથે રહેતાં હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. વૈભવભાઇ મકવાણાએ જરૂરી કાર્યવાહી કરી હતી.

ચોથી ઘટના જોઇએ તો કુવાડવા રોડ સાત હનુમાન પાછળ આણંદપરમાં સોખડા રોડ પર રહેતાં પાંત્રીસ વર્ષના ભાવેશભાઇ જીવણભાઇ બથવાર નામના પાંત્રીસ વર્ષના યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ભાવેશભાઇ બે બહેનના એકના એક ભાઇ હતાં. તેમને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે.

પોતે અગાઉ છુટક મજૂરી કરતાં હતાં. પણ કમરમાં તકલીફ થઈ જતાં દોઢેક મહિનાથી પથારીવશ હતાં. ગઇકાલે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃત્યુનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

પાંચમા બનાવમાં સાયલાના નાના સખપર ગામે રહેતાં રેખાબેન કાળુભાઇ રણીગા નામના અઠ્ઠાવીસ વર્ષના પરિણતા તળાવ ખાતે કપડા ધોવા ગયા ત્યારે અંદર પડી જતાં બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેણીને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. પતિ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે સાયલા પોલીસને કરી હતી. આમ પાંચ ઘટનામાં જુદા જુદા પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

ક્રાઇમ બ્રાંચ, આજીડેમ, પ્ર.નગર પોલીસ દ્વારા કાર્યવાહી

દારૂના અલગ અલગ પાંચ દરોડા ચાની હોટેલમાં પણ મળતો હતો દારૂ!



રાજકોટ તા. ૩

દારૂના અલગ અલગ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતાં. જેમાં ભકિતનગર સર્કલ નજીક કોઠારીયા કોલોનીમાંથી ક્રાઇમ બ્રાંચે ચાની હોટલ ધરાવતા શખ્સને ૧૪ હજારના દારૂની પર બોટલ સાથે પકડી લઇ કાર્યવાહી કરી હતી. તો અન્ય ચાર દરોડામાં ૧ ચપલાથી લઇ ૪૮ બોટલ સાથે પોલીસે પાંચને દબોચી ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ ડી.પી.ઝાલા, હેડ કોન્સ. કરણભાઇ કોઠીવાળ, કોન્સ. અરવિંદભાઇ ફતેપરા સહિતના સ્ટાફે ભકિતનગર સર્કલ પાસે ૮૦ ફુટ રોડ પર કોઠારીયા કોલોની નજીકથી ચાની હોટલ ચલાવતા સાગર રમેશભાઇ પરમાર (ઉ.વ.૪૦ રહે. કોઠારીયા કોલોની કવાર્ટર) ને રૂા. ૧૪,૬૨૮ની કિંમતની દારૂની પર બોટલ સાથે પકડી લીધો હતો.

બીજા દરોડામાં આજીડેમ પોલીસના હેડકોન્સ.બી.એ. જોગીયા, સંજયભાઇ મિયાત્રા સહિતના સ્ટાફે રાજકોટ નજીક ગઢકા રોડ પર આર.કે. યુનિવર્સિટી નજીકથી હંસરાજ દેવજીભાઇ ગોવાણી (રહે. ગઢકા ગામ)ને રૂા.૧૪૯૪ની દારૂની બે બોટલ સાથે પકડી લીધો હતો.

ત્રીજા દરોડામાં આજીડેમ પોલીસના હેડ કોન્સ. ડી.જી. પાલા, કોન્સ. સાવનભાઇ સાંગાણી સહિતના સ્ટાફે કોઠારીયામાં ખોડલધામ-૨માં રહેતા સંદીપગીરી સુરેશગીરી મેઘનાથી (ઉ.વ.૨૭)ને તેના ઘર નજીકથી ૪૫૦ની કિંમતની દારૂની ૩ બોટલ સાથે પકડી લીધો હતો.

ચોથા દરોડામાં પ્ર.નગર પોલીસના હેડ કોન્સ.ક્રિપાલસિંહ ગોહીલ, કોન્સ. સાગરભાઇ વાઘેલા સહિતના સ્ટાફે પોપટપરા સ્મશાન સામેથી પ્રેમ મહેશભાઇ જોગીયાણી (રહે.૫૩ કવાર્ટર, પોપટપરા સ્મશાન પાસે)ને દારૂના એક ચપલા સાથે પકડી લીધો હતો. પાંચમા દરોડામાં ક્રાઇમબ્રાંચના હેડ કોન્સ. અમીતભાઇ ટુંડીયા, પુષ્પરાજસિંહ ગોહીલ, કરણભાઇ કોઠીવાળ, અરવિંદભાઇ ફતેપરા સહિતના સ્ટાફે કાલાવડ રોડ નજીક જડુસ હોટલ સામે આંબેડકરનગરમાં રહેતા રાહુલ પ્રવિણભાઇ બગડા (ઉ.વ.૨૯)ના મકાનમાં દરોડો પાડી તેને ૭૧૫૦ની કિંમતના દારૂના ૪૮ ચપલા કબ્જે કર્યા હતા.

ભીલવાસ કતલખાના પાસે કોર્પોરેશનના કર્મચારી પર હુમલો: ફડાકા-ઘુસ્તાનો માર

ગાંધી જયંતિએ પણ કામ ચાલુ રખાયું હોઇ ટપારતાં હુમલો થયાનો આક્ષેપ

રાજકોટ તા. ૩

શહેરના ભીલવાસ નજીક આવેલા કતલખાના પાસે રાતે માથાકુટ થઇ ગઇ હતી. જેમાં આરએમસીના સફાઇ કામદાર પર કેટલાક શખ્સોએ હુમલો કરી લાફા, ઘૂંબા-પાટાનો માર મારતાં સારવાર માટે દાખલ થયા છે. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ જતાં વાતાવરણ ગરમ થઇ ગયું હતું. નિયમ મુજબ બીજી ઓક્ટોબર ગાંધી જયંતિએ કતલખાના બંધ રાખવાના હોઇ રાતે અગીયારેક વાગ્યે સફાઇ કામદાર તાળા ખોલવાની પોતાની ફરજ બજાવવા ગયા ત્યારે કેટલાક શખ્સો ખોટુ કરતાં હોય તેવુ લાગતાં તેને ટપારતાં હુમલો થયો હતો.

વિશેષ વિગતો જોઇએ તો ભીલવાસ નજીક ઠક્કરબાપા હરિજનવાસ-૩માં રહેતાં કરસનભાઇ લાલજીભાઇ ગોહેલ નામના પિસ્તાલીસ વર્ષીય મ્યુ. કોર્પોરેશનના સફાઇ કામદાર રાતે અગીયારેક વાગ્યે ભીલવાસ રોડ પર આવેલા કતલખાના પાસે હતાં ત્યારે અજાણ્યા શખ્સોએ બેફામ માર મારતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. કરસનભાઇ પર હુમલો થયાની જાણ થતાં તેમના સમાજના લોકો મોટી સંખ્યામાં ભેગા થઇ ગયા હતાં. સામેના પક્ષે પણ લોકો ભેગા થઇ જતાં



વાતાવરણ તંગ થઇ ગયુ હતું.

કરસનભાઇના સમાજના લોકો પોલીસ સ્ટેશને દોડી ગયા હતાં અને રજૂઆત કરી હતી. પોલીસ પણ પહોંચી હતી અને મામલો શાંત પાડયો હતો. દરમિયાન કરસનભાઇ ગોહેલે જણાવ્યું હતું કે હું મ્યુ. કોર્પોરેશનના વોર્ડ નં. ૭માં સફાઇ કામદાર છું. અમારા વિસ્તારમાં આવેલા કતલખાનાને બીજી ઓક્ટોબર ગાંધી જયંતિના દિવસે બંધ રાખવાનું હોઇ તેને આગલી રાતે તાળા માર્યા હતાં. આ પછી રાતે અગીયારેક વાગ્યે હું ફરજના ભાગ રૂપે તાળા ખોલવા ગયો હતો.

ત્યારે ત્યાં આસપાસ કેટલાક શખ્સો ખોટુ કરતાં હોઇ મેં તેમને આ તમારે ન કરવું જોઇએ, આજે બધુ બંધ રાખવાનું હોય તેમ સમજાવતાં ઉશ્કેરાઇ ગયા હતાં અને મને મોઢા-માથામાં લાફા-ઘૂંબા માર્યા હતાં. કરસનભાઇ બે ભાઇ અને ત્રણ બહેનમાં નાના છે અને સંતાનમાં એક દિકરો તથા ત્રણ દિકરી છે. તેમના કહેવા મુજબ તેમણે આ હકિકત અનુસાર પોલીસને નિવેદન આપ્યું છ. પોલીસે તપાસ યથાવત રાખી હતી.

સાયબર ગઠીયાઓની કામગીરીનો ગ્રાફ દિવસે નથી વધતો એટલો રાતે ને રાતે નથી વધતો એટલો દિવસે વધે છે...

ગેસ બીલ, ટ્રેડીંગ, મફત વેબ-શોના નામે નવ લાખનુ ફ્રોડ

વકિલને ગેસ બીલ બાકી છે એવો મેસેજ મોકલી ફાઇલ ડાઉનલોડ કરાવડાવી સાત લાખ ઉસેડ્યા: યુવતિને ઓનલાઇન કમાણીની લાલચ દઇને અને યુવાનને મફતમાં શો જોવાની લાલચ દઇ એક એક લાખ પડાવાયા

રાજકોટ, તા. ૩

સાયબર ગઠીયાઓ ગામને છેતરવામાં જરાય પાછળ પડતાં નથી. લોકો ગમે એટલા જાગૃત બને ગઠીયાઓ પોતાના શિકાર સરળતાથી શોધી લેવામાં સફળ થઇ રહ્યા છે. આવા કિસ્સા રોજેરોજ બની રહ્યા છે, એમ કહીએ કે રોજેરોજ સતત વધી રહ્યા છે. વધુ ત્રણ બનાવમાં સાયબર ગઠીયાઓએ પોતાની જાળમાં વકિલ સહિત ત્રણને ફસાવી છેતરી લીધા હતાં. જેમાં ગેસ બીલના બહાને એપીકે ફાઇલ મોકલી વકીલના સાત લાખ નેવુ હજાર, ટેલીગ્રામ પર બીટ કોઇન ટ્રેડીંગથી કમાણી કરાવી આપવાના નામે યુવતિ સાથે પોણો કરોડો અને મફતમાં વેબ સિરીઝ જોવાના નામે ફાઇલ મોકલી એક વ્યક્તિના છન્નુ હજાર પડાવી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં સાયબર ગઠિયાઓએ ગોતાના વકીલ સહિત ૩ લોકોને નિશાન બનાવ્યા. ગેસ બિલના બહાને એપીક ફાઈલ દ્વારા વકીલના ૭.૯૦ લાખ, ટેલિગ્રામ પર બિટકોઈન ટ્રેડિંગના નામે યુવતીના ૭૬,૦૦૦ અને વેબ સિરીઝ જોવાના બહાને યુવકના ૯૬,૦૦૦ મળી કુલ ૯.૬૨ લાખની છેતરપિંડી આચરી. સાયબર ક્રાઈમમાં ગુના નોંધી તપાસ ચાલ કરી હતી. પોલીસે જણાવ્યા મુજબ અમદાવાદ શહેરમાં સાયબર ગઠિયાઓ અલગ-અલગ મોડસ ઓપરેન્ડી અપનાવીને નાગરિકોને શિકાર બનાવી રહ્યા છે. શહેરમાં સાયબર ફ્રોડના ત્રણ અલગ-અલગ બનાવો સામે આવ્યા હતાં. જેમાં ગોતાના એક વકીલ સહિત ત્રણ લોકો સાથે મળીને કુલ રૂ. ૯.૬૨ લાખની ઓનલાઈન છેતરપિંડી આચરાઈ છે. ત્રણેય મામલે સાયબર ક્રાઈમમાં ગુના નોંધી વધુ તપાસ હાથધરી હતી.

વિશેષ માહિતી અનુસાર ગોતા વિસ્તારમાં રહેતા સુડતાલીસ વર્ષીય વકીલ પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. કોલ કરનારે ગેસ કંપનીનો કર્મચારી હોવાની ઓળખ આપી ગેસ બિલ બાકી



હોવાનું જણાવી બિલની વિગતો જોવાના બહાને વોટ્સએપ પર એક એપીકે ફાઈલ મોકલી હતી. વકીલે આ ફાઈલ ડાઉનલોડ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ખુલી નહોતી. ત્યારબાદ ગઠિયાએ ઓટીપી માંગતા વકીલે શંકા જતાં ઓટીપી આપવાનો ઈનકાર કર્યો હતો અને બેંકમાં જઈ ખાતું બ્લોક કરાવ્યું હતું.

આ પછી ગઠિયાઓએ મોબાઈલ સીમ કંપનીના કર્મચારી બનીને ફરી કોલ કરતાં વકીલે બેંક સ્ટેટમેન્ટ તપાસ્યું હતું, જેમાં તેમના ખાતામાંથી ૫ લાખ અને ૨.૯૦ રૂપિયા લાખ મળી કુલ ૭.૯૦ લાખ રૂપિયા ઉપડી ચૂક્યા હોવાનું સામે આવ્યું હતું. ઓટીપી શેર ન કર્યો હોવા છતાં ખ્બ્દ ફાઈલ દ્વારા મોબાઈલનું રિમોટ એક્સેસ મેળવી આ ઠગાઈ આચરાઈ હોવાનું ખુલતાં સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધ્યો હતો.

બીજી આવી ઠગાઇ જોઇએ તો શાહપુર વિસ્તારમાં રહેતી ઓગણત્રીસ વર્ષીય યુવતીએ ટેલિગ્રામ પર બિટકોઇન ટ્રેડિંગ સંબંધિત એક ચેનલ જોઈ હતી. તેમાં અન્ય સભ્યોના નફાના નકલી સ્ક્રીનશોટ્સ જોઈ યુવતીએ શરૂઆતમાં ૩,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું. ત્યારબાદ ગઠિયાઓએ વર્ચ્યુઅલ પ્રોફિટ બતાવી રકમ ઉપાડવા માટે સીપ અને જીએસટીના નામે કટકે-કટકે કુલ ૭૬ હજાર રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. કોઈ વળતર કે મૂળ રકમ પરત ન મળતાં યુવતીએ સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે ત્રીજા બનાવમાં નવરંગપુરાના ૧૯ વર્ષીય યુવકે ઇન્સ્ટાગ્રામ પર વેબ સિરીઝ જોવાની જાહેરાત પર ક્લિક કરીને એક અજાણી એપીકે ફાઇલ મોબાઈલમાં ઇન્સ્ટોલ કરી હતી. ફાઇલ ડાઉનલોડ થયા બાદ કોઈ સિરીઝ શરૂ થઈ નહોતી અને મોબાઈલ હેંગ થવા લાગતાં યુવકે ફાઈલ ડિલીટ કરી દીધી હતી. થોડા દિવસો બાદ યુવકે બેંક એકાઉન્ટ ચેક કરતાં તેના ખાતામાંથી ૯૬ હજાર રૂપિયા ઉપડી ગયા હોવાની જાણ થઈ હતી. તપાસમાં ખ્બ્દ ફાઈલ મારફતે ફોન હેક થયો હોવાનું સ્પષ્ટ થતાં નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આમ વધુ ત્રણ નવા કિસ્સામાં સાયબર ગઠીયાઓ લોકોને છેતરી ગયા હતાં અને સાયબર ક્રાઇમ પોલીસને પડકાર ફેંકી ગયા હતાં.

પારકા દેશમાં જઇ બેપાંદડે થવાના સપના જોનારા વધુ કેટલાક યુવાનો છેતરાયા

વર્ક પરમીટના નામે ૩૧ લાખ ઉસેડી ઠેંગો

બીજી તરફ આરટીઓ ઇ-ચલણ, ગેસ એજન્સીની એપીકે ફાઇલ મોકલી ત્રણ લોકોના એકવીસ લાખ ઉસેડી લેવાયા

રાજકોટ, તા. ૩

પારકા દેશમાં જઇ સારી નોકરી કે ધંધામાં જમાવટ કરી બે પાંદડે થવાના સપના જોનારા અનેક યુવાનો કહેવાતા લેભાગુ એજન્ટોના હાથે છેતરાઇ ગયાના દાખલા સામે છે. આમ છતાં નવા નવા આવા ફ્રોડ થઇ રહ્યા છે. વધુ એક વખત લેભાગુ કન્સલ્ટન્સીએ એકત્રીસ લાખની ઠગાઇ આચરી હતી. વિદેશ જવા ઇચ્છુકોને વર્ક પરમીટ અપાવી દેવાની લાલચ આપી આ ઠગાઇ કરવામાં આવી હતી. અન્ય ત્રણ કિસ્સાઓમાં અલગ અલગ એપીકે ફાઇલ મોકલી લાખોની ઠગાઇ કરવામાં આવી હતી.

વિગતો જોઇએ તો અમદાવાદમાં આ ઠગાઇ થઇ હતી. અહિ મુંબઈની વિઝા કન્સલ્ટન્સીના માલિકો દ્વારા વર્ક પરમિટ બીજા અપાવવાના બહાને અમદાવાદની વિઝા કન્સલ્ટન્ટ એજન્સી પાસેથી રૂ. ૩૦.૯૪ લાખ મેળવી છેતરપિંડી કરી હોવા અંગેની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં દાખલ થતાં તપાસ શરૂ થઇ હતી. વિદેશ જવા માંગતા વ્યક્તિઓના વર્ક પરમિટના કામ માટે ઓનલાઇન અને રોકડા રૂપિયા અમદાવાદની વિઝા કન્સલ્ટન્સી એજન્સીની મહિલાએ ચુકવ્યા હતા છતાં પણ કામગીરી ન કરી આપવામાં આવતા છેવટે તેઓએ વસ્ત્રાપુર પોલીસ ને જાણ કરી હતી. વધુ માહિતી અનુસાર વસ્ત્રાપુર વિસ્તારમાં માનસી સર્કલ પાસે આવેલા બાલાજી એવન્યુ માં રહેતા અને પાર્થ એસોસિએટ નામથી છેલ્લા વીસ વર્ષથી વિઝા કન્સલ્ટન્સીનો વ્યવસાય કરતા રાજુલબેન ઉપાધ્યાયે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

તેમણે કહ્યું કે કે ઓવરસીઝ કન્સલ્ટન્સી નામની કંપનીના સેલ્સ એક્ઝિક્યુટિવ કૌશલ ચુડાસમા સાથે ઓળખાણ થઈ હતી. મુંબઈ ખાતે તેમની ઓફિસે મળવા ગયા હતા ત્યારબાદ પાંચ ક્લાઈન્ટના ઓસ્ટ્રીયાના વર્ક પરમિટ માટે કામ આપ્યું હતું જેમાં એમ્પ્લોયમેન્ટના ખોટા દસ્તાવેજ હોવાનું કહી અને રીજેક્ટ કરી આપ્યું હતું. જે કામ માટે તેમણે અગાઉ ૨૨.૫૦ લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. ત્યારબાદ તેમણે બીજા ત્રણ ક્લાઈન્ટના પણ કામ આપ્યા હતા અને જેના પૈસા પણ ઓનલાઇન બેંકમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, તેમ છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી.



આ બાબતે તેમણે માલિક આકાશ પરમારને પૂછતા તેઓએ જવાબ આપ્યા નહોતા. કંપનીમાં ચૂકવવામાં આવેલી રકમ પરત આપવામાં આવી નહોતી જેથી આ સમગ્ર મામલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં તેઓએ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ લોકો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આમ વધુ એક વખત આ પ્રકારની ઠગાઇ થઇ ગઇ હતી. જેમાં વિઝાના નામે ઠેંગો બતાવી દેવાયો હતો.

અન્ય ત્રણ છેતરપીંડી જોઇએ તો અલગ અલગ એપીકી ફાઇલનો ઉપયોગ કરી ગઠીયાઅ એકવીસ લાખથી વધુની ઠગાઇ કરી લેવામાં સફળ થયા હતાં. ટ્રાફિક ઇ-ચલણના નામે ગમે તેની સાથે ઠગાઇ થઇ શકે છે. જીએસટી વિભાગના અધિકારી હવે શિકાર બન્યા હતાં. સાયબર ગઠિયાએ મોબાઈલમાં આરટીઓ ઈ ચલણની એપીકે નામની ફાઈલ મોકલી હતી અને તે ઈન્સ્ટોલ કરાવી હતી. જે બાદ ગઠિયાએ મોબાઈલ હેક કરી લીધો હતો. અધિકારીની જાણ બહાર તેમના મોબાઈલ નંબરને ગેરકાયદે રીતે પોર્ટ કરાવી લીધો હતો અને તેમના ઇન્ટરનેટ બેન્કિંગના આઈડી-પાસવર્ડની લઈ લીધા હતા. આ રીતે ગઠિયાએ અધિકારીના ચાર અલગ-અલગ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી ૭,૩૩,૫૨૩ ઉપાડી ઓનલાઈન છેતરપિંડી કરી હતી.

બીજી ઘટનામાં નારણપુરામાં રહેતા અને માણેકચોકમાં સોના-ચાંદીનો વેપાર કરતા ૬૩ વર્ષીય વેપારી સાથે ઓનલાઈન સાયબર ફ્રોડ થયો હતો. રાત્રે અજાણ્યા શખ્સે તેમના મોબાઈલમાં એક એપીકે ફાઈલ મોકલી હતી.જેને વેપારીએ ઈન્સ્ટોલ કરી હતી.જેમાંથી ગઠિયાએ તેમનો મોબાઈલ હેક કરી લીધો હતો.ત્યારબાદ ગઠિયાએ વેપારીના ઈન્ટરનેટ બેન્કિંગના આઈડી-પાસવર્ડની લઈને તેમના બેંક એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૭,૨૨,૪૮૪ અલગ-અલગ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. જે અંગે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આવી ત્રીજી ઘટનામોં વસ્ત્રાલમાં રહેતા યુવકને તેના વોટ્સએપ પર એક અજાણ્યા નંબરથી અદાણી ગેસના બાકી બિલના કારણે રાત્રે કનેક્શન કાપી નાખવાનો મેસેજ આવ્યો હતો.જેમાં બિલ અપડેટ કરવા માટે શ્રીકાંત મિશ્રાનો સંપર્ક કરવાનું જણાવાયું હતું. આ નંબર પર સંપર્ક કરતા ગઠિયાએ પોતાની ઓળખ અદાણી ગેસના કર્મચારી તરીકે આપીને એપીકે ફાઇલ મોકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. આ એપ્લિકેશન ઓપન કરી ગઠિયાએ કહ્યા મુજબ બિલ અપડેટ કરવા માટે ૧૩ રૂપિયા ભરવા જતા યુવકે તેમના બેંક, ડેબિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડની વિગતો અંદર નાખી હતી. પરંતુ તમામ ટ્રાન્ઝેક્શન ફેઈલ બતાવતા હતા. આ ફેક ફાઈલથી મોબાઈલ હેક કરી ગઠિયાએ બ્લ્ક લઈ લીધા હતા. યુવકની જાણ બહાર તેમના અલગ અલગ બેંક એકાઉન્ટ અને ક્રેડિટ કાર્ડમાંથી ૭,૧૮,૧૮૩ અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. જે અંગે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

હોટેલના ધંધામાં ભાગીદારીના નામે સાડા ત્રણ લાખનું ફ્રોડ

જસદણમાં રહેતાં ખેડૂત અને તેના મિત્ર સાથે ઠગાઇ ગઇ ગઇ

રાજકોટ તા. ૩

છેતરપીંડીની વધુ એક ઘટના બની હતી. રાજકોટના જસદણમાં રહેતાં ખેડૂત યુવાન અને તેના મિત્રને હોટલમાં ભાગીદારી આપવાના નામે સાડા ત્રણ લાખનું રોકાણ કરાવ્યા બાદ હોટલ માલીકે પૈસા નહી આપી માથે જતા તેને અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની જસદણ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવાઇ હતી.



આ મામલે ખેડૂત સત્યાવીસ વર્ષના ભાવીન શાંતીભાઇ છાયાણી (રહે. જસદણ, ગાંડીવાડી, ગઢડીયા રોડ)એ શુભમ ગીરધરભાઇ રાખોલીયા (રહે. જસદણ) સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ કે, તેની એકાદ વર્ષ પહેલા ચીતલીયા કુવા રોડ પર એઇટ-ઇલેવન ઇન્ડીયન-ચાઇનીઝ હોટલના માલીક આરોપી શુભમ સાથે મુલાકાત થઇ હતી. બે દિવસ બાદ આરોપીએ તેને વાત કરી હતી કે, મારે દવાખાનાના કામ પૈસાની જરૂર છે. તમે મને સગવડ કરી આપો તો હું તમને હોટલમાં ૫૦ ટકા, ભાગીદારી આપીશ. જેથી પૈસા બાબતે પુછતા આરોપીએ મે રૂા. ૬.૫૦ લાખનું રોકાણ કર્યુ છે. તમે મને ૩.૩૦ લાખ આપો એટલે તમારી પણ ભાગીદારી ગણાશે. નફાનો હિસાબ દર મહિને કરીશું. તેમ વાત કરતા તેણે તેના મિત્ર ધવલ હિરપરાને વાત કરી બને મિત્રોએ ૩.૩૦ લાખ એકઠા કરી આરોપી શુભમને આપ્યા હતાં.

જે બાબતનું લાખણ પણ કરાવી લીધુ હતું. ત્યારબાદ મહિનો પુરો થતા પંદર દિવસનો હિસાબ કરાયો હત. જેમાંથી ૨૪ હજાર ખર્ચાના આરોપીને અપાયા હતાં. ત્યારબાદ તે અને ધવલ હોટલમાં જતા આવતા હતાં. જે બાદ મહિનો પુરો થતા હિસાબની વાત કરતાં આરોપી બહાના બતાવતો હતો. તેવો અને ધવલે ૩.૫૪ લાખ હોટલમાં આપેલા છે. અમારે ભાગીદારી રાખવી નથી. કહેતાં આરોપીએ બે-ત્રણ મહિનામાં પૈસા પરત કરી દેવાનું કહ્યું હતું. પરંતુ છ માસ હોટલ ચલાવી હતી. પરંતુ પૈસા બાબતે વાત કરતાં ખોટા વાયદાઓ આપતા હતાં. છેલ્લે આરોપીએ બોલાચાલી કરી ગાળો દઇ હવે હોટલે આવશો તો જીવતા રહેવા દઇશ નહીં કહી ધમકાવ્યા હતાં. એટલું જ નહી રાત્રે તેના ઘેર જઇ આરોપીએ ગાળો દઇ તેને અને તેના પરિવારને મારી નાખવાની ધમકી આપી જતો રહ્યો હતો.

ગઠીયાઓને ગામના ગરીયા ફેરવવા હોય તો ગમે તેવા નુસ્ખા અજમાવે

કોન્ટ્રાક્ટર અડધો કરોડ ખાઇ ગયો

અખબારમાં જાહેરખબર છપાવી ગ્રાહકો શોધતોઃ રૂપિયા એડવાન્સ લઇ થોડુઘણું બાંધકામ કરાવડાવી પછી કામ મુકી ભાગી જતોઃ કુલ સાત લોકો બન્યા નવીનત્તમ ફ્રોડનો ભોગ

રાજકોટ તા. ૩

રોજબરોજ ઓનલાઇન ઓફલાઇન ગઠીયાઓ છેતરપીંડી કરતાં રહે છે આવી વધુ એક ઠગાઇ થઇ ગઇ હતી. જેમાં અખબારમાં જાહેરાત આપી છેતરપીંડી કરતાં ગઠીયાનું કારસ્તાન સામે આવ્યું છે. ભેજાબાજે ફાર્મહાઉસનું બાંધકામ કરી આપવાના નામે એનઆરઆઇને સત્તર લાખનો ચૂનો લગાવી દીધો હતો. બીજા છ લોકોને મળી કુલ અડધા કરોડની ઠગાઇ તેણે કરી લીધી હતી. આ મામલે પોલીસ સુધી વાત પહોંચતા એફઆઇઆર દાખલ કરી આરોપીને ઝડપી લેવા તજવીજ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરમાં ન્યૂઝ પેપરની જાહેરાત દ્વારા આકર્ષિત કરી લોકો સાથે ઠગાઈ આચરતા એક ભેજાબાજ કોન્ટ્રાક્ટરનો ભાંડો ફૂટ્યો છે. ફાર્મહાઉસ બનાવી આપવાનું કહીને ઇરાકમાં નોકરી કરતા એક એનઆરઆઇ પાસેથી ૧૬.૮૦ લાખ રૂપિયા પડાવીને માત્ર ૨.૯૫ લાખનું જ નબળી ગુણવત્તાનું કામ કરી કોન્ટ્રાક્ટરે હાથ ચા કરી દીધા હતા. આ કોન્ટ્રાક્ટર ભાવિન શાહે અન્ય છ લોકો સાથે પણ છેતરપિંડી આચરી કુલ ૪૭.૩૧ લાખ રૂપિયાનો ચૂનો લગાવ્યો હોવાનું સામે આવતા કારેલીબાગ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. વધુ માહિતી અનુસાર વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં રહેતા પરાગકુમાર કીરીટકુમાર ભગત હાલમાં ઈરાક



ખાતે પેટ્રોચાઇના કંપનીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે.

તેમણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે આશરે એક વર્ષ પહેલાં ન્યૂઝ પેપરમાં કન્સ્ટ્રક્શન અંગેની જાહેરાત વાંચીને તેમણે એવન કન્સ્ટ્રક્શન એન્ડ ઇન્ટિરિયરના સંચાલક ભાવિન ચંદુલાલ શાહનો સંપર્ક કર્યો હતો. બંને વચ્ચે પંચમહાલના નાના ચાડવા ગામે એક ફાર્મ હાઉસ બનાવવા અંગે રૂ. ૨૯ લાખમાં મટિરિયલ સહિતના બાંધકામનો લેખિત કરાર કરવામાં આવ્યો હતો. કરાર મુજબ પરાગભાઈએ કોન્ટ્રાક્ટર ભાવિન શાહને અલગ-અલગ સમયે બેંક મારફતે કુલ રૂ. ૧૬.૮૦ લાખ ચૂકવી આપ્યા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં બાંધકામ ન થતાં પરાગભાઈને શંકા ગઈ હતી અને તેમણે એક ખાનગી એન્જિનિયરિંગ કંપની પાસે સાઈટ પર થયેલા કામની ચકાસણી કરાવી હતી. રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો કે ફાર્મ હાઉસમાં માત્ર રૂ. ૨.૯૫ લાખ જેટલું જ કામ થયું છે અને તે પણ અત્યંત નબળી ગુણવત્તાનું છે.

આમ, આરોપીએ રૂ. ૧૩.૮૪ લાખની માતબર રકમની સીધી છેતરપિંડી કરી હતી. જ્યારે પરાગભાઈએ બાંધકામ પૂર્ણ કરવા અથવા બાકીના રૂપિયા પરત માંગ્યા, ત્યારે આરોપીએ તેમને ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. આ મામલે કારેલીબાગ પોલીસે અરજીના આધારે ડાણપૂર્વક તપાસ હાથ ધરી ત્યારે જાણવા મળ્યું કે આરોપી ભાવિન ચંદુલાલ શાહ રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ વડોદરાના કપુરાઈ, પાણીગેટ અને ગોરવા પોલીસ સ્ટેશનમાં પણ છેતરપિંડીના ગુનાઓ નોંધાયેલા છે. પોલીસ તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે ભાવિન શાહે પરાગભાઈ ઉપરાંત અન્ય છ લોકો પાસેથી પણ લાખો રૂપિયા પડાવ્યા છે.

જેમાં નૌકાબેન રૂચીરભાઈ પટેલ પાસેથી રૂ. ૮.૦૧ લાખ, જગજીતસિંગ સલવીંદરસિંગ સંધુ પાસેથી રૂ. ૪.૫૦ લાખ, ભાઈલાલભાઈ નારણભાઈ વણકર પાસેથી રૂ. ૩.૩૯ લાખ, ચંદ્રકાંત નારણભાઈ પટેલ પાસેથી રૂ.૩ લાખ, જીજ્ઞેશ ચંદ્રકાંત શાહ પાસેથી રૂ. ૪.૪૦ લાખ અને હસમુખભાઈ વાડીલાલ ડબગર પાસેથી રૂ. ૭.૨૧ લાખ પડાવી લઈને કુલ રૂ. ૪૭.૩૧ લાખની મહાઠગાઈ આચરી છે. કારેલીબાગ પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કડક કાર્યવાહી હાથ ધરી હતી.

ઓનલાઇન પ્લેટફોર્મ પર અને લોભામણી લલચામણી રીલ, એડ જોવા મળશે તેનાથી ચેતજો

મફતમાં ફિલ્મ-સિરિઝ જોવા જતાં ફ્રોડ થયું

રિક્ષાચાલકે એજીટીવી નામની એપીકે ફાઇલ ડાઉનલોડ કરતાં જ બે બેંકના ખાતામાંથી ધડાધડ નાણા ઉસેડાઇ ગયા :બીજી ઘટનામાં બીઓબીની એપ અપડેટ કરાવી ગઠીયાએ ખાતામાંથી નાણા ઉપાડી લીધા

રાજકોટ તા. ૩

સાયબર ગઠીયાઓ ગમે તેમ કરીને લોકોને છેતરી લેવામાં મોખરે રહે છે. અલગ અલગ લાલચ આપીને છેતરવાના ધંધા અહિ પુરબહારે ખીલેલા રહે છે. રોજ કોઇને કોઇ શિકાર બની રહ્યું છે. વધુ એક આવી ઠગાઇ થઇ હતી. જેમાં એક રિક્ષાચાલક મફતમાં મુવી જોવાની લ્હાયમાં નાણા ગુમાવી બેઠો હતો. ઓનલાઇન રીલ જોઇ મફતમાં ફિલ્મ વેબસિરીઝ જોવા અજીટીવી નામની એપીકે ફાઇલ તેણે ડાઉનલોડ કરી હતી. એ સાથે તે ફ્રોડનો શિકાર બની ગયો હતો.

વિગતો પર નજર કરીએ ભાવનગરમાં ફરી એકવાર સાયબર ગઠિયાઓએ રિક્ષાડ્રાઈવર આધેડને નિશાન બનાવ્યો. મફતમાં મૂવી જોવાની લાલચમાં એજીટીવી એપની એપીકે ફાઈલ ડાઉનલોડ કરતા તેમનો ફોન હેંગ થઈ ગયો. બાદમાં તેમના બે બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૦૬,૯૦૦ ઉપડી ગયા હતાં. સલીમભાઈ દસાડિયાએ બોરતળાવ પોલીસમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સોશિયલ મીડિયાનો ગેરઉપયોગ કરી સાયબર ગઠિયાઓ દ્વારા લોકોના બેન્ક ખાતા ખાલી કરવાના ચાલી રહેલા ષડયંત્રમાં વધુ એક ભાવનગરી ફસાયો છે. મફતમાં મૂવી જોવાની લાલચમાં રિક્ષાડ્રાઈવર આધેડના બેન્ક ખાતામાંથી એક લાખથી વધુ રૂપિયા ઉપડી જતાં પોલીસને જાણ કરી હતી.

પોલીસ સુત્રોના કહેવા મુજબ શહેરના હાદાનગર, શિવશક્તિ સોસાયટી, પ્લોટ નં.૧૦૨/એમાં રહેતા અને રિક્ષા ચલાવતા સલીમભાઈ અકબરભાઈ દસાડિયા નામના પ્રૌઢ રાત્રિના સમયે ઈન્સ્ટ્રાગ્રમમાં રિલ્સ જોતા હતા. ત્યારે એપીકે ફાઈલમાં મફતમાં મૂવી જોય શકાશે તેવી લોભામણી જાહેરાત જોતા તેમણે એજીટીવી એપ નામની એપીકે ફાઈલ ડાઉનલોડ કરી હતી. બીજા દિવસે બપોરના સમયે તેમનો ફોન હેંગ અને સ્વીચ ઓફ થયા બાદ ઓટોમેટિક ફોન ઓન થયો હતો. એ સાથે જ આધેડના આઈડીએફસી અને એસબીઆઈ ક્રેડીટ કાર્ડ ખાતામાંથી રૂપિયા ૧,૦૬,૯૦૦ ડેબિટ કરી કોઈ અજાણ્યા હેકરે તેમની



સાથે ઓનલાઈન છેતરપિંડી કરી હતી.

આ બનાવ અંગે સલીમભાઈ દસાડિયાએ સ્થાનિક બોરતળાવ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. વોટ્સએપ, ઈન્સ્ટ્રાગ્રામ વગેરે સોશિયલ મીડિયા એપ્લિકેશનોમાં આવતી એપીકે ફાઈન હેકરોનું હથિયાર છે. હેકરો દ્વારા મૂવી, આરટીઓના ઓનલાઈન મેમો, વગેરે અલગ-અલગ નામે આવી એપીકે ફાઈલ વાયરલ કરી લોકોને જાળમાં ફસાવી તેમનો ફોન હેંગ કરી મોબાઈલમાં રહેલ તમામ ખાનગી માહિતીઓ મેળવી લઈ થોડી જ ક્ષણોમાં બેન્ક ખાતા ખાલી કરી નાંખવાનું મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. ભાવનગરમાં એક સપ્તાહની અંદર જ એપીકે ફાઈલથી ઓનલાઈન ઠગાઈની બે ઘટના સામે આવી હતી. ત્યારે લોકોએ પોતાની મરણ મૂડી-પરસેવાની કમાણી બચાવવા માટે સજાગ થઈ સોશિયલ મીડિયામાં આવતી આવી એપીકે ફાઈલોને ડાઉનલોડ ન કરવી હિતાવહ છે.

ઠગાઇની બીજી ઘટના જોઇએ તો વડોદરાના ગોત્રી વિસ્તારમાં બેંકની મોબાઇલ એપ્લિકેશન અપડેટ કરાવ્યા બાદ વેપારીના બેંક ખાતામાંથી નેવુ હજારની ઓનલાઈન છેતરપિંડી થયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બેંક કર્મચારીના કહેવાથી મોબાઇલમાં ગ્બ્ગ્રી એપ્લિકેશન શરૂ કરાવ્યા બાદ ફોનમાં ત્રણ વખત ઓટોમેટિક સિસ્ટમ અપડેટ થયું હતું. ત્યારબાદ થોડા સમય બાદ વેપારીના ૫૦ હજાર અને ૪૦ હજાર એમ કુલ ૯૦ હજાર બે અલગ-અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા.

વધુ માહિતી અનુસાર વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા અને ભાયલી ખાતે સલૂનનો વ્યવસાય કરતા અજયકુમાર લિંબાચિયાએ આ અંગે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તેઓ ગોત્રી રોડ પર આવેલા સેન્ટા સ્ક્વેર સ્થિત બેંક ઓફ બરોડાની શાખામાં ગયા હતા. તેમના મોબાઇલમાં બીઓબીની એપ્લિકેશન કામ કરતી ન હોવાથી તેમણે આ અંગે બેંક કર્મચારીને જાણ કરી હતી. બેંક કર્મચારીએ ગ્બ્ગ્રી નવી એપ્લિકેશનનું વર્ઝન આવ્યું હોવાનું જણાવી મોબાઇલમાં એપ્લિકેશન શરૂ કરી આપી હતી. આ દરમિયાન વેપારીના મોબાઇલમાં ઓટોમેટિક સિસ્ટમ અપડેટ શરૂ થયું હતું. ફોનમાં ત્રણ વખત આશરે ૨૫-૨૫ મિનિટ સુધી સિસ્ટમ અપડેટ થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ત્યારબાદ વેપારી ભાયલી ખાતે મોબાઇલ લેવા ગયા હતા.

ત્યાં પેમેન્ટ કરતી વખતે તેમણે બેંક ખાતામાં બેલેન્સ ચેક કરતાં માત્ર માત્ર રૂપિયા ૯૪૫ બેલેન્સ હોવાનું જાણવા મળ્યું હતું. આથી તેમણે ખાતાની વિગતો તપાસતાં તેમના ખાતામાંથી કુલ ૯૦ હજાર ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન ૫૦ હજાર રાહુલ યાદવના ખાતામાં, જ્યારે ૪૦ હજાર મિસ્ત્રી ઓમ-કાશ અણુભાઈના ખાતામાં ટ્રાન્સફર થયા હોવાનું સામે આવ્યું હતું. બંને ટ્રાન્ઝેક્શન પોતે કર્યા ન હોવાનું વેપારીએ જણાવ્યું હતું. સમગ્ર મામલે વેપારીએ સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના નિયમોના અમલીકરણ સામે ગંભીર સવાલો

સરકારી આદેશોની મજાક?

મ્યુનિસિપલ કમિશનરના સીલિંગ ઓર્ડર પછી પણ કન્સ્ટ્રક્શન બિન્દાસ ચાલુ!

રાજકોટ, તા. ૩

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા તેમજ મહાનગરપાલિકાના નિયમોના અમલીકરણ સામે ગંભીર સવાલો ઊભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના માધાપર ચોકડી પાસે આવેલી 'ઈતિફિંહ ગયઢીત' નામની ઈમારતમાં ગંભીર પ્રકારના કાયદાકીય અને પ્લાનિંગ સંબંધિત ઉલ્લંઘનો સામે આવ્યા હોવાનો આક્ષેપ કરાયો છે. મનપા તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હોવાનો ગંભીર આક્ષેપ છે. આ મામલે રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર દ્વારા સ્વયં સીલિંગ કરવા માટેના સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યા હોવા છતાં, નીચેના સ્તરના અધિકારીઓ અને કર્મચારીઓની ઘોર ઉપેક્ષા કે મિલીભગતના કારણે આજદિન સુધી આ બિલ્ડિંગને સીલ કરવામાં આવ્યું નથી અને તેનો વ્યવસાયિક કે અન્ય ઉપયોગ ખુલ્લેઆમ ચાલુ રાખવામાં આવ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આ સમગ્ર ગેરરીતિ સામે રાજકોટના અમીન માર્ગ વિસ્તારમાં રહેતા સંજયભાઈ પ્રાણજીવનભાઈ લાખાણી દ્વારા પોલીસ કમિશનર, રાજકોટ શહેર સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે અને ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ જવાબદાર જાહેર સેવકો સામે કડક તપાસ અને કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

ફરિયાદી દ્વારા સત્તાવાર દસ્તાવેજો અને આધાર-પુરાવા સાથે કરાયેલી રજૂઆત મુજબ, ઈતિફિંહ ગયઢીત બિલ્ડિંગનું બાંધકામ તથા તેનો વર્તમાન ઉપયોગ સંપૂર્ણપણે ગેરકાયદેસર અને મંજૂરી વિનાનો હોવાનો સીધો આક્ષેપ મૂકવામાં આવ્યો છે. રાજકોટ શહેરમાં સામાન્ય નાગરિકોના નાના-મોટા બાંધકામો સામે તંત્ર તાત્કાલિક કડક કાર્યવાહી કરે છે, ત્યારે 'ઈતિફિંહ ગયઢીત' જેવી વિશાળ ઈમારતમાં કમિશનરના આદેશ છતાં કાર્યવાહી ન થવી તે અધિકારીઓ અને બિલ્ડરો વચ્ચેની મેળાપીપણાના ગંભીર આક્ષેપોને બળ આપે છે. પોલીસ તપાસમાં કયા અધિકારીઓની સંડોવણી ખુલ્લી પડે છે તેના પર સહુની નજર છે.

સરકારી દસ્તાવેજો કબ્જે કરવા અને તપાસની માગણી

આ સમગ્ર પ્રકરણમાં ભ્રષ્ટાચાર અને સેટિંગનો પર્દાફાશ કરવા માટે ફરિયાદીએ પોલીસ કમિશનર સમક્ષ નીચે મુજબના મૂળ સરકારી રેકોર્ડ કબ્જે કરીને તપાસ કરવાની માગ કરી છે

૧. મ્યુનિસિપલ કમિશનરની ઓરીજનલ ફાઇલ અને સીલિંગ આદેશનું મૂળ નોટિંગ.
૨. ૧૪-૦૫-૨૦૨૫નો ઝડપ અને સિટી એન્જિનિયર વચ્ચેનો પત્રવ્યવહાર તથા સિટી એન્જિનિયરનું ઓરીજનલ હેન્ડરિટન નોટિંગ
૩. ૧૪-૦૫-૨૦૨૫ પછી ફાઇલ કયા અધિકારી પાસે પેન્ડિંગ રખાઈ અને સીલિંગ શા માટે દબાવી દેવાયું તેનો એક્શન ટેકન રિપોર્ટ
૪. બિલ્ડિંગના મંજૂર પ્લાન, ઈઝ પરમિશન રેકોર્ડ, હાઇવે સેન્ટર લાઇનથી સત્તાવાર માપણી રિપોર્ટ અને હાઇવે ઓથોરિટીનું NOC.



તંત્રની આંતરિક 'રમત' મ્યુનિસિપલ કમિશનરના આદેશ પછી પણ ફાઈલ અથડાતી રહી

આ સમગ્ર મામલે સૌથી ગંભીર આક્ષેપ એ છે કે રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરે આ ઈમારતના ગેરકાયદેસર ઉપયોગ અને નિયમોના ભંગ બદલ છઅઈની મૂળ ફાઇલ પર બિલ્ડિંગને કાયદેસર રીતે 'સીલ' કરવા અંગે સ્પષ્ટ નોટિંગ અને ઓર્ડર કરેલો હતો. પરંતુ આ આદેશ બાદ મહાનગરપાલિકાના આંતરિક વિભાગો વચ્ચે જે ફાઇલ-ફાઇલની રમત રમાડીને કમિશનરના આદેશોની જ અવગણના કરવામાં આવી હોવાનો ખુલ્લો આરોપ છેઃ મ્યુનિસિપલ કમિશનરના સીલિંગના આદેશના અનુસંધાને ટાઉન પ્લાનિંગ ઓફિસર (ઝડ્ય) દ્વારા સીલિંગની કાર્યવાહી આગળ ધપાવવા માટે સિટી એન્જિનિયર શાખાને પત્રવ્યવહાર / ઓર્ડર કરવામાં આવ્યો હતો. પરંતુ, સિટી એન્જિનિયરે પોતાની ઓફિશિયલ હાથસહીથી નોટિંગ મૂકીને એવું દર્શાવ્યું કે આ બિલ્ડિંગની ઊંચાઈ ૨૫ મીટરથી વધુ છે. ૨૫ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી ઈમારતો પર સીલિંગની કાર્યવાહી સિટી એન્જિનિયર કક્ષાએથી નહીં પરંતુ ઝડ્ય કક્ષાએથી જ થવાની રહે છે તેવી ટેકનિકલ બાબત દર્શાવીને તેમણે ફાઇલ ફરીથી ઝડ્ય તરફ પરત ધકેલી દીધી હતી. ૧૪ મે, ૨૦૨૫ના રોજ આ પત્રવ્યવહાર થયા બાદ આજદિન સુધી ઝડ્ય અથવા અન્ય કોઈ જવાબદાર અધિકારી દ્વારા આ બિલ્ડિંગને સીલ કરવાની કોઈ જ તસ્દી લેવામાં આવી નથી. પરિણામે અધિકારીઓની મિલીભગતથી બિલ્ડિંગ કાગળ પર ગેરકાયદેસર હોવા છતાં અને કમિશનરના આદેશ હોવા છતાં બેધડક રીતે ચાલુ રાખવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ છે.

મંજૂર પ્લાન અને BU પરમિશનનો અભાવ

રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા અને સંબંધિત વિભાગોમાં ઉપલબ્ધ રેકોર્ડ મુજબ આ બિલ્ડિંગ માટે જરૂરી મંજૂર થયેલ બિલ્ડિંગ પ્લાન કે કાયદેસરનું બિલ્ડિંગ યુઝ સર્ટિફિકેટ મેળવવામાં આવ્યું જ નથી. નિયમ મુજબ ઈઝ પરમિશન વિના કોઈ પણ ઈમારતનો ઉપયોગ કે ભોગવટો કરવો તે ગેરકાયદેસર છે, છતાં અધિકારીઓની રહેમરાહ તળે તમામ નિયમોને નેવે મૂકીને ઈમારતનો ઉપયોગ ચાલુ રખાયો હોવાનો આરોપ છે.

હાઇવે રિબન ડેવલપમેન્ટ અને કંટ્રોલ લાઇનનો ભંગ

આ બિલ્ડિંગ મુખ્ય હાઇવે રોડ પર આવેલું છે અને હાઇવેની સેન્ટર લાઇનથી બાંધકામ આશરે ૩૨ મીટરના અંતરે આવેલું છે. હાઇવે રિબન ડેવલપમેન્ટ અને કંટ્રોલ લાઇન રેગ્યુલેશન્સ મુજબ હાઇવે પર ચોક્કસ અંતર છોડવું ફરજિયાત હોય છે તેમજ સક્ષમ હાઇવે ઓથોરિટીની કાયદેસરની પરવાનગી કે ગઘઈ લેવી જરૂરી હોય છે. આ કિસ્સામાં જરૂરી ગઘઈ કે મંજૂરીઓ લીધા વગર જ મિલીભગતથી બાંધકામ ખડકી દેવાયું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

સર્વેશ્વર ચોકમાં વાહનો માટે 'પ્રીફેબ' ગ્રેડ સેપરેટર ચોક બનાવવાનું નક્કી

સ્ટેન્ડિંગ કમિટીમાં રૂા. ૬.૩૬ કરોડથી વધુના વિકાસ કામો મંજૂર

નગરજનોની સુવિધા, આરોગ્ય સહાય અને શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં થશે મોટો સુધારો



રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે સ્ટેન્ડિંગ કમિટીની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ, ટ્રાફિક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા, આવાસ યોજનાની કામગીરી તેમજ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઈ કામદારો અને કર્મચારીઓ માટે તબીબી સહાય સહિતના વિવિધ અગત્યના પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા હતા. સ્ટેન્ડિંગ કમિટી દ્વારા સર્વાનુમતે કુલ રૂ. ૬,૩૬,૪૩,૦૬૯/- ના કામો અને નાણાકીય સહાયના એજન્ડા મંજૂર કરવામાં આવ્યા છે.

શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વાહન વ્યવહારની સુવિધામાં વધારો કરવા માટે વોર્ડ નંબર ૦૭ માં આવેલ સર્વેશ્વર ચોકમાં વાહનો માટે 'પ્રીફેબ' (PreFab) ગ્રેડ સેપરેટર ચોક બનાવવાનું નક્કી કરાયું છે. આ કામગીરી માટે રૂ. ૨૯,૩૫,૮૦૪/- નો કોન્ટ્રાક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વોર્ડ નંબર ૦૩ માં આવેલ રેલનગરમાં ટી.પી. સ્કીમ નંબર ૯/૧૨ હેઠળ મેહુલ નગર રોડ પર આંગણવાડી બાજુના પ્લોટમાં રૂ. ૨૦,૫૩,૩૩૦ના ખર્ચે બોક્સ ડ્રેઈન (અંડર ગ્રાઉન્ડ ગટર) તથા ચેમ્બર નિર્માણની કામગીરીને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ ભૂગર્ભ ગટરની ફરિયાદોના ત્વરિત અને ઝડપી નિકાલ માટે વોર્ડ નંબર ૦૯ માં મૌરલી કન્સ્ટ્રક્શનને રૂ. ૨૬,૫૬,૬૭૨ના ખર્ચે કોન્ટ્રાક્ટ સોંપવાનો નિર્ણય લેવાયો છે.

શહેરની સુંદરતા અને ગ્રીનરી જાળવવા માટે પણ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન, ઈસ્ટ ઝોન અને વેસ્ટ ઝોનના અલગ-અલગ વિસ્તારોમાં આવેલ રોડ રેફ્યુજ, ટ્રાફિક જંક્શનો તેમજ સન્ટ્રલ મેડિયન અને ગ્રીનરીની જાળવણી માટે જુદી જુદી એજન્સીઓ મારફતે કુલ રૂ. ૧,૪૩,૮૦,૩૧૨ ના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત લાઈટિંગ શાખા માટે જરૂરી નવા વાહનોની ખરીદી કરવા માટે રૂ. ૬૦,૪૦,૬૦૦ નો ખર્ચ મંજૂર કરાયો છે.

પ્રજાકલ્યાણ અને સામાજિક-સાંસ્કૃતિક આયોજનોને પ્રોત્સાહન આપવા માટે સ્ટેન્ડિંગ કમિટીએ ઉદાર નિર્ણય લીધો છે. રેસકોર્ષ ગ્રાઉન્ડમાં આવેલ કવિશ્રી રમેશ પારેખ ઓપન એર થિયેટર ખાતે કાવ્ય સંમેલનના આયોજન માટે તારીખ ૦૧/૦૧/૨૦૨૭ થી ૨૦/૦૧/૨૦૨૭ સુધીના બિન-રવિવારના દિવસો માટે સ્થળ વિનામૂલ્યે ફાળવવાની મંજૂરી અપાઈ છે. તેમજ પૂજ્ય મોરારીબાપુની ૧૦૫મી રામકથાના નિમિત્તે યોજાનાર કાર્યક્રમ માટે પણ સંસ્થાને વિનામૂલ્યે સ્થળ ફાળવવાનો નિર્ણય કરાયો છે. વોર્ડ નંબર ૧૨ માં વેસ્ટ ઝોન હેઠળ નિર્માણ પામેલ આવાસ યોજનાના શોપિંગ સેન્ટરોની હરાજી (ઈ-ઓકશન) કરી તેની દસ્તાવેજી કામગીરી પૂર્ણ કરવા સંબંધિત પ્રસ્તાવને પણ સ્વીકારવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના કર્મચારીઓ અને સફાઈ કામદારોના આરોગ્ય અને કલ્યાણને પ્રાધાન્ય આપતા વિવિધ કિસ્સાઓમાં તબીબી સહાય મંજૂર કરવામાં આવી છે. જેમાં અંકુર કાનજીભાઈ પ્રજાપતિને રૂ. ૩,૫૫,૫૭૬/-, કાન્તાબેન શિવાભાઈ ધાંધલને રૂ. ૪,૨૪,૨૧૦/-, અશોકભાઈ મુળજીભાઈ શિંગાળાને રૂ. ૧,૧૦,૯૧૩/-, છબીલદાન હરિહરભાઈ વારિયાને રૂ. ૨,૩૨,૬૧૭/-, હાર્દિક જેન્તીભાઈ પરમારને રૂ. ૩,૬૯,૦૦૫/- તથા ગીતાબેન લક્ષ્મણભાઈ રાઠોડને રૂ. ૧,૪૦,૦૮૦/- ની રકમ તબીબી સારવાર સહાય પેટે મંજૂર કરવામાં આવી છે. આ સિવાય ૧૦૮ ઈમરજન્સી સર્વિસ વિભાગની અઠવાડિક કામગીરીના અહેવાલની નોંધ લેવામાં આવી હતી.

ન.પ્રાથમિક શિક્ષણ સમિતિમાં નવા નિશાળિયા'ઓને નોતરું

શિક્ષણ સમિતિમાં સરપ્રાઈઝ સિલેક્શનથી પક્ષમાં ભભૂકતો અસંતોષ : સોશિયલ મીડિયામાં ચેટ વાયરલ થતાં ખુલ્લા પડ્યા ડખ્ખા, ગ્રેજ્યુએશન વિવાદ કમલમ પહોંચ્યો સંગઠનમાં ભડકાના એંધાણ

રાજકોટ, તા. ૩

રાજકારણમાં જ્યારે વફાદારી કરતાં 'પસંદગી' ભારે પડે ત્યારે અસંતોષનો દાવાનળ કેવી રીતે સળગે છે તેનું ઉદાહરણ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણી બાદ સામે આવ્યું છે. ૧૨ બેઠકોની આ ચૂંટણી કોઈ પણ જાતના વિરોધ વગર બિનહરીફ તો આટોપાઈ ગઈ, પરંતુ ચૂંટણી પૂરી થતાંની સાથે જ શાસક પક્ષ ભાજપમાં અંદરોઅંદર એવો આંતરકલહ શરૂ થયો છે કે હવે તેને ઢાંકવો મુશ્કેલ બની ગયો છે. શિક્ષણ સમિતિની બેઠકો પર એકાએક જ 'સંપૂર્ણ નવોદિતો'ની એન્ટ્રી કરાવી દેવાતાં પક્ષના જ એક મોટા ધડામાં ભારે નારાજગી વ્યાપી ગઈ છે. વર્ષોથી બેનરો બાંધનારા, રેલીઓમાં નારા લગાવનારા અને 'ચપ્પલના તળિયા ઘસી નાખનારા' નિષ્ઠાવાન કાર્યકરોને પડતા મૂકીને બિનઅનુભવી ચહેરાઓને તક આપવામાં આવતાં કાર્યકર્તાઓમાં એવો નિરાશાજનક અવાજ ઉઠ્યો છે કે - "હવે પક્ષમાં જૂના લોકોને એક પછી એક નિવૃત્ત કરી દેવાની છૂપી લાઈન અમલી બની ગઈ છે."

સિઝન્ડ નેતાઓ અને સિનિયર કાર્યકરોનો રોષ માત્ર મૌખિક ચર્ચાઓ સુધી સીમિત નથી રહ્યો, પરંતુ તે હવે ડિજિટલ પ્લેટફોર્મ પર પણ છલકાઈ રહ્યો છે. વોર્ડ નંબર ૨ ના નારાજ આગેવાનો વચ્ચેની ખાનગી સોશિયલ મીડિયા ચેટ વાયરલ થતાં પક્ષની આંતરિક ખેંચતાણ ચોટા વચ્ચે આવી ગઈ છે. સંગઠનના ઉચ્ચ હોદ્દેદારો સુધી આ મેસેજો પહોંચતાં જ ભાજપના આંતરિક વર્તુળોમાં દોડધામ મચી ગઈ છે. આટલું ઓછું હોય તેમ, નવી નિમણૂક પામેલા સભ્યોની લાયકાત સામે પણ પોતાના જ લોકોએ સવાલો ઉઠાવવાનું શરૂ કર્યું છે. નવી ટીમમાં સ્થાન પામેલી એક મહિલા સભ્ય ગ્રેજ્યુએટ (સ્નાતક) નથી તેવા મુદ્દાને પૂરા આયોજન અને પ્લાનિંગ સાથે પ્રદેશ કાર્યાલય 'કમલમ' સુધી પહોંચાડવામાં આવ્યો છે. જોકે, જાણકારોના મતે શિક્ષણ સમિતિના સભ્ય માટે ગ્રેજ્યુએટ હોવું એ કોઈ સરકારી નિયમ નથી પરંતુ પક્ષની પોતાની આંતરિક માર્ગદર્શિકા છે, અને અગાઉ પણ અમદાવાદ સહિતના શહેરોમાં આ રીતે બિન-ગ્રેજ્યુએટ સભ્યો મૂકાયા જ છે. પરંતુ, આ વિવાદ કમલમ સુધી ધકેલવા પાછળનો મુખ્ય હેતુ જ નવી ટીમની લાયકાત સામે આંગળી ચિંધીને જૂના કાર્યકરોનો અસંતોષ હાઈકમાન્ડ સુધી પહોંચાડવાનો હતો.

આ આખી કવાયત પાછળનું મુખ્ય કારણ શિક્ષણ સમિતિમાં ગોઠવાવા માટેની આંધળી દોડ હતી. ચૂંટણી પહેલાં આ સમિતિના સભ્યપદ માટે ભાજપના ના નાના-મોટા અઢીસો જેટલા આગેવાનો અને ઉત્સાહી કાર્યકરોએ દાવેદારી નોંધાવી હતી. સૌને આશા હતી કે તેમની વર્ષોની સેવાઓનું ફળ મળશે. પરંતુ ફોર્મ ભરાવાના દિવસે જ જ્યારે પસંદગી પામેલા નામો જાહેર થયા ત્યારે સિનિયર નેતાઓ સ્તબ્ધ થઈ ગયા હતા. એક જ ઝાટકે અનેક દાવેદારોના રાજકીય સપનાઓ પર પક્ષે પોતાની પસંદગીનો 'સાવરણો' ફેરવી દીધો હતો. તક ન મળતાં નારાજ થયેલા કાર્યકરો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે આશ્વાસનની ગોળીઓ આપીને તેમની પાસેથી વર્ષો સુધી કામ લેવાયું, પરંતુ જ્યારે ફળ આપવાનો વારો આવ્યો ત્યારે અજાણ્યા અને બિનઅનુભવી ચહેરાઓને આગળ કરી દેવાયા.



બીજી તરફ, આ નિર્ણયથી સ્થાનિક જ્ઞાતિ સમીકરણોનું બેલેન્સ પણ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. વિપક્ષ કોંગ્રેસે કોળી સમાજમાંથી નેતાગીરી આપીને ચોક્કસ વર્ગને સાધવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે ભાજપ તરફથી કોળી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ ન મળતાં આ સમાજના કાર્યકરોમાં ભારે ગણગણાટ છે. આ સિવાય, રઘુવંશી (લોહાણા) સમાજના આગેવાનોએ પણ પક્ષીય નેતાગીરી સામે પોતાનો ભારે અસંતોષ અને ઉકળાટ ઠાલવ્યો છે. મનપાના મુખ્ય પદાધિકારીઓની રેસ હોય, મહત્વની સમિતિઓ હોય કે ચૂંટણીની ટિકિટોની વહેંચણી - લાંબા સમયથી લોહાણા સમાજની ઉપેક્ષા કરવામાં આવતી હોવાનો રોષ હવે સપાટી પર આવ્યો છે. માત્ર કોળી કે લોહાણા સમાજ જ નહીં, પરંતુ અન્ય કેટલીક જ્ઞાતિના સ્થાનિક આગેવાનો પણ આ વન-સાઈડેડ નિર્ણયોથી ભારે દુભાયા છે.

જે નવી ટીમની જાહેરાત થઈ છે, તે હજુ તો ચાર્જ સંભાળીને કામ શરૂ કરે તે પહેલાં જ જૂથબંધી, ડિગ્રી વિવાદ અને સોશિયલ મીડિયા લીક્સના કારણે વિવાદોના વંટોળમાં ઘેરાઈ ગઈ છે. એક તરફ 'અમે જ ભાજપ છીએ' તેવું માનતા નિષ્ઠાવાન જૂના કાર્યકરોનો રંજ અને બીજી તરફ નવી ટીમ સામે ઊભા કરાયેલા સવાલો - આ બંને બાબતો દર્શાવે છે કે આવનારા દિવસોમાં આ આંતરકલહ મનપાથી લઈને પ્રદેશ કાર્યાલય સુધી ભાજપ માટે મોટો માથાનો દુખાવો સાબિત થવાનો છે.